અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ જુલાઈ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ વદ ૧૨ | અંક : ૩૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### UPના ભોલે બાબા સત્સંગમાં મોટી દુર્ઘટના સર્જાઈ

## યુપીના હાથરસમાં સત્સંગ વખતે ભાગદોડમાં ૧૨૦થી વધુના મોત

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં આવેલા રતિભાનપુરમાં બાબા ભોલેના સત્સંગ વખતે નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં ૧૨૦થી વધુ લોકોના મોત થતા ખળભળાટ મચી ગયો છે. આ મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો પણ સામેલ છે, જ્યારે ૧૫૦થી પણ વધુ લોકો ઈજાગ્રસ્ત છે. એટાના ચીફ મેડિકલ ઓફિસરે આ વાતની પુષ્ટિ કરી હતી. આ ભયાવહ દુર્ઘટના પછી મુખ્યમંત્રી કાર્યાલયે પણ સંજ્ઞાન લીધું હતું. આ દરમિયાન અનેક લોકોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા હતા. રાજ્ય સરકારે રાહત અને બચાવ કાર્યમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત એડીજી આગરા અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં આ દુર્ઘટનાની તપાસના પણ આદેશ અપાયા છે. યોગી સરકારના નિર્દેશ પછી સરકારના બે વરિષ્ઠ મંત્રી અને મુખઅય સચિવ સાથે ડીજીપી પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે. બાબા ભોલેનો સત્સંગ ખતમ થઈ ગયો હતો. ત્યાર પછી અનેક લોકો એક નાનકડા હૉલમાંથી એકસાથે બહાર નીકળી રહ્યા હતા. એટલું જ નહીં, તેનો પ્રવેશદ્વાર પણ નાનો હતો. ત્યારે પહેલા બહાર નીકળવાની લ્હાયમાં ધક્કામુક્કી થઈ અને મામલો બિચક્યો. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, આ મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ અને બાળકો છે. ભોલે બાબાનું અસલી નામ નારાયણ સાકાર હરિ છે. તેઓ એટા જિલ્લાના પટયાલી તાલુકાના ગામ બહાદુર નગરના રહેવાસી છે. આશરે ૨૬ વર્ષ પહેલા તેમણે સરકારી નોકરી છોડીને પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. એકવાર તેમણે પ્રવચનમાં જણાવ્યું હતું કે 'હું પહેલા ગુપ્તચર બ્યુરોમાં કામ કરતો હતો.' ભોલે બાબા ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં સૌથી વધુ ભક્તો ધરાવે છે.ભોલે બાબાના સત્સંગ કાર્યક્રમ દરમિયાન અચાનક ભાગદોડ મચી ગઈ હતી. કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા અનેક શ્રદ્ધાળુઓના મોત થવાની આશંકા છે. પ્રવચનમાં હાજરી આપવા આવેલા સેંકડો ભક્તો ભારે ગરમીના કારણે બેહોશ થઈ ગયા હતા. માહિતી મળતાં જ પોલીસ અને પ્રશાસને સેંકડો લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કર્યા છે. આ ઘટના સિકંદરરાવ કોતવાલી વિસ્તારના ફૂલરાઈ ગામમાં બની હતી. પ્રત્યક્ષદર્શી જ્યોતિએ કહ્યું, "અમે સત્સંગમાં ગયા હતા. ત્યાં ઘણી ભીડ હતી, રસ્તો સંપૂર્ણપણે જામ હતો, બહાર જવા માટે જગ્યા નહોતી. હું અને મારી માતા મેદાનમાંથી બહાર નીકળી રહ્યા હતા જ્યારે જગ્યા ન હતી. " આને કારણે, તેમાંથી ઘણા મૃત્યુ પામ્યા જ્યારે દરેક એકબીજાને ધક્કો મારતા હતા.



### વિરોધ પ્રદર્શનમાં ૩૬૧ લોકો ઘાયલ પણ થયા

## કેન્યામાં નવા ટેક્સ વધારા સામે હિંસક વિરોધ, ૩૯ લોકોના મૃત્યુ

। (એજન્સી) નાઈરોબી, તા.૨ ।

કેન્યામાં નવા ટેક્સ વધારા સામે હિંસક વિરોધ થઈ રહ્યો છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૯ લોકોના મૃત્યુ થયા છે. કેન્યા નેશનલ કમિશન ઓન હ્યુમન રાઈટ્સ (KNCHR)ના રેકોર્ડ મુજબ, કેન્યામાં રાષ્ટ્રવ્યાપી ટેક્સ કાયદાના વિરોધના સંબંધમાં ૩૯ લોકો મૃત્યુ પામ્યા છે અને ૩૬૧ લોકો ઘાયલ થયા છે. જયારે ૬૨૭ પ્રદર્શનકારીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. સરકાર દ્વારા નવા ટેક્સ લગાવવાને કારણે કેન્યામાં લોકો ખૂબ જ નારાજ છે. કેન્યા ફાઈનાન્સ બિલ ૨૦૨૪ મે મહિનામાં રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં બ્રેડ, કેન્સરની સારવાર, રસોઈ તેલ, બાળકોના ડાયપરથી લઈને સેનિટરી પેડ્સ, મોટર વાહનો, સૌર સાધનો અને ડિજિટલ સેવાઓ સુધીના ઉત્પાદનો પર ભારે ટેક્સ લાદવાનો પ્રસ્તાવ છે. તેમાં બ્રેડ પર ૧૬ ટકા સેલ્સ ટેક્સ, રાંધણ તેલ પર ૨૫ ટકા ટેક્સ, મોટર વાહનો પર ૨.૫ ટકા વેટ અને ત્રણ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટીની દરખાસ્ત છે.કેન્યાની સંસદમાં હાજર તમામ સાંસદોએ આ બિલનું સમર્થન કર્યું છે. તેમનું માનવું છે કે સરકારી કામ પૂર્ણ કરવા માટે આ જરૂરી છે. મહેસૂલ વધારવાથી મળેલી આવક દ્વારા સરકાર દેશમાં રસ્તાઓ બનાવી શકશે અને શાળાઓમાં શિક્ષકોની ભરતી કરી શકશે. ખેડૂતોને ખાતર માટે સબસીડી મળશે. તેનાથી દેશનું દેવું ઘટશે. તે પછી, આ બિલને લઈને સંસદમાં મતદાન થયું, જેમાં ૧૯૫માંથી ૧૦૬ સાંસદોએ તેની તરફેણમાં મતદાન કર્યું, ત્યારબાદ સમગ્ર વિસ્તારમાં દેખાવો શરૂ થઈ ગયા. આ સમયે સાંસદો ગૃહની અંદર બિલ પર ચર્ચા કરી રહ્યા હતા, તે જ સમયે ગુસ્સે ભરાયેલા ટોળાએ સંસદને આગ ચાંપી દીધી હતી. કેન્યાની સંસદમાં હજારો લોકો ઘુસી ગયા અને તેના એક ભાગને આગ ચાંપી દેતાં પોલીસે ટીયર ગેસ અને ગોળીઓ ચલાવી હતી.



**૬૨૭ પ્રદર્શનકારીઓની ધરપકડ પણ કરાઈ**

**કેન્યાના રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોએ કહ્યું કે તેઓ હિંસા અને અરાજકતા સામે કડક વલણ અપનાવશે. કેન્યામાં વિરોધ એ વર્તમાન રાષ્ટ્રપતિ વિલિયમ રુટોની સરકાર સામે સૌથી ગંભીર કટોકટી છે કારણ કે તેણે સપ્ટેમ્બર ૨૦૨૨ માં અશાંત પ્રદેશમાં સ્થિરતાના પ્રતીક તરીકે જોવામાં આવતી ઊંડી વિભાજનકારી ચૂંટણીઓ પછી સત્તા સંભાળી હતી. કેન્યામાં ૮૦ હજારથી એક લાખ ભારતીયો રહે છે. હિંસક વિરોધ વચ્ચે સરકારે ભારતીયો માટે એડવાઈઝરી જારી કરી છે.**

## ન્યૂઝ બ્રિફ

### અદાણી મામલામાં 'હિંડનબર્ગ રિસર્ચ'ને 'કારણ બતાવો' નોટિસ, સેબીની કાર્યવાહી

। નવી દિલ્હી, તા.૨ ।

સેબીએ અમેરિકન નાણાકીય સંશોધન કંપની હિંડનબર્ગ રિસર્ચને નોટિસ જારી કરી છે. આ ઉપરાંત નાથન એન્ડરસન અને મોરેશિયસ સ્થિત FPI માર્ક કિંગ્ડનને પણ નોટિસ આપવામાં આવી છે. અદાણી ગ્રુપના શેર પર સટ્ટાબાજીના કથિત ઉલ્લંઘનને લઈને આ નોટિસ જારી કરવામાં આવી છે. હિંડનબર્ગે અદાણી ગ્રુપ પર સ્ટોક મેનીપ્યુલેશનનો આરોપ લગાવ્યો હતો. હિંડનબર્ગે સેબી તરફથી નોટિસ મળવાની જાણકારી આપી છે. માર્કેટ રેગ્યુલેટરે આરોપ મૂક્યો છે કે હિંડનબર્ગ અને એન્ડરસને સેબી એક્ટ, રિસર્ચ એનાલિસ્ટ્સ રેગ્યુલેશન્સ માટે સેબીની આચાર સંહિતા હેઠળ કૌભાંડ અને અન્યાયી વેપાર પ્રેક્ટિસના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. FPI કિંગડમ પર FPI રેગ્યુલેશન માટે SEBIની આચાર સંહિતા તેમજ પ્રિવેન્શન ઑફ ઍન્ટિપેશન અને અનફેર ટ્રેડ પ્રેક્ટિસ રેગ્યુલેશન્સનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.

### રાહુલ ગાંધીએ સ્પીકરને પત્ર લખ્યો

## લોકસભામાં આપેલા ભાષણના શબ્દ હટાવ્યા તો રાહુલ આકરા પાણીએ

**જોકે તેમની સ્પીચમાંથી માત્ર એક જ શબ્દ હટાવવામાં આવ્યો. તેને લઈને કરવામાં આવેલો ભેદભાવ સમજની પાર છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં પોતાના ભાષણના કેટલાક ભાગને કાર્યવાહીમાંથી હટાવવાની વિરુદ્ધ સ્પીકર ઓમ બિરલાને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે મારા વિચારોને કાર્યવાહીમાંથી હટાવવા તે લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે. એવામાં મારા ભાષણના હટાવવામાં આવેલા ભાગને ફરીથી મુકવામાં આવે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું- બીજેપીના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના ભાષણમાં પણ આરોપોની ભરમાર હતી. જોકે તેમની સ્પીચમાંથી માત્ર એક જ શબ્દ હટાવવામાં આવ્યો. તેને લઈને કરવામાં આવેલો ભેદભાવ સમજની પાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મેં સંસદમાં સત્ય રજૂ કર્યું છે. દરેક સાંસદનો અધિકાર છે કે તે સંસદમાં લોકો સાથે જોડાયેલા મુદ્દા ઉઠાવે. આને ધ્યાનમાં રાખીને મેં પોતાનું ભાષણ આપ્યું હતું. તેમણે આજે સવારે પણ કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીની દુનિયામાં સત્યને મટાડી શકાય છે.

## મહિલા આત્મઘાતી બોમ્બરોએ ત્રણ જગ્યાએ હુમલો કર્યો

### મહિલા આત્મઘાતી બોમ્બરોએ નાઈજીરીયાના ઉત્તરીય પ્રદેશમાં ત્રણ સ્થળોએ આત્મઘાતી હુમલા કર્યા હતા

। (એજન્સી) નાઈજીરિયા, તા.૨ ।

નાઈજીરીયાની બોર્નો સ્ટેટ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના મહાનિર્દેશક બાર્કિન્દો સૈદુએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય શહેર ગ્વોઝામાં લગ્ન સમારોહ દરમિયાન પ્રથમ બોમ્બ વિસ્ફોટ થયો હતો. મહિલા આત્મઘાતી બોમ્બરોએ નાઈજીરીયાના ઉત્તરીય પ્રદેશમાં ત્રણ સ્થળોએ આત્મઘાતી હુમલા કર્યા હતા, જેના પરિણામે અનેક લોકોના મોત થયા હતા. મહિલા આત્મઘાતી બોમ્બરોએ ઉત્તરી નાઈજીરીયામાં લગ્ન, અંતિમવિધિ અને એક હોસ્પિટલને નિશાન બનાવી હુમલામાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા, સ્થાનિક અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.બોર્નો સ્ટેટ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના ડાયરેક્ટર જનરલ બર્કિન્દો સૈદુએ પત્રકારોને જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય શહેર ગ્વોઝામાં લગ્ન સમારોહ દરમિયાન પ્રથમ બોમ્બ વિસ્ફોટ થયો હતો. બર્કિન્દો સૈદુએ કહ્યું, "થોડીવાર પછી જનરલ હોસ્પિટલની નજીક બીજો વિસ્ફોટ થયો અને અંતિમ સંસ્કારની સેવામાં ત્રીજો હુમલાખોર શોક કરનારના વેશમાં આવ્યો. મૃતકોમાં બાળકો અને ગર્ભવતી મહિલાઓ પણ સામેલ છે.

**અત્યાર સુધીમાં નાઈજીરિયામાં લગભગ ૧,૫૦૦ વિદ્યાર્થીઓનું અપહરણ કરવામાં આવ્યું**

**બોકો હરામ ભૂતકાળમાં આત્મઘાતી બોમ્બ વિસ્ફોટોમાં મહિલાઓ અને છોકરીઓનો ઉપયોગ કરે છે, એવી શંકા વ્યક્ત કરવામાં આવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉગ્રવાદીઓએ અપહરણ કરેલા હજારો લોકોમાં કેટલાક હુમલાખોરો હતા, જેમાં શાળાના બાળકોનો પણ સમાવેશ થાય છે.તમને જણાવી દઈએ કે ચાડ તળાવની આસપાસની સરહદોમાં ફેલાયેલા આ બળવાએ ૩૫,૦૦૦ થી વધુ લોકોના જીવ લીધા છે, ૨.૬ મિલિયનથી વધુ લોકોને વિસ્થાપિત કર્યા છે અને એક મોટી માનવીય સંકટ સર્જી છે. બોકો હરામ, જેની એક શાખા ઇસ્લામિક સ્ટેટ જૂથ સાથે જોડાયેલી છે, તે નાઇજીરીયામાં ઇસ્લામિક રાજ્યની સ્થાપના કરવા માંગે છે. નાઇજીરીયા ૧૭૦ મિલિયનની વસ્તી સાથે પશ્ચિમ આફ્રિકાની તેલ મહાસત્તા છે. આ દેશ દક્ષિણમાં મુખ્યત્વે ખ્રિસ્તી અને ઉત્તરમાં મુખ્યત્વે મુસ્લિમ છે.બોર્નોમાં આત્મઘાતી બોમ્બ વિસ્ફોટોની વારંવારની ઘટનાએ આ વિસ્તારની સુરક્ષાની સ્થિતિ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. તાજેતરની ઘટના બાદ સત્તાવાળાઓએ શહેરમાં કર્ફ્યુ લાદી દીધો છે. ગ્વોઝા ચિબોકથી થોડા કિલોમીટર દૂર છે, જ્યાં ૨૦૧૪માં ૨૭૬ સ્કૂલની છોકરીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.**

### હિડનબર્ગ ક્યારેય કંપનીની ક્લાયન્ટ હતી જ નહીં : કોટક

। નવી દિલ્હી, તા.૨ ।

કોટક મહિન્દ્રા ઈન્ટરનેશનલ લિમિટેડે મંગળવારે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે હિડનબર્ગ રિસર્ચ ક્યારેય તેની ક્લાયન્ટ કે તેના ફન્ડમાં ઈન્વેસ્ટર રહી જ નથી. ઉલ્લેખનીય છે કે સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ હિડનબર્ગને કારણદર્શક નોટિસ પાઠવી હતી અને આ નોટિસના જવાબમાં હિડનબર્ગે કોટક મહિન્દ્રા બેક્નું નામ ટાંકીને ખુલાસો કર્યો હતો.

## ગુજરાતમાં સીઝનનો ૧૭.૮૫ તો સૌરાષ્ટ્રમાં ૨૮.૮૨ ટકા વરસાદ

। (એજન્સી) સૌરાષ્ટ, તા.૨ ।

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ વરસાવ્યો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના વંથલીમાં ૧૪ ઈંચ, વિસાવદરમાં ૧૩ ઈંચ જૂનાગઢ શહેરમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં ૦૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત બારડોલી તાલુકામાં ૨૩૯ મી.મી., ખંભાળિયામાં ૨૨૯ મી.મી., માણાવદર ૨૨૪ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઈંચથી વધુ, નવસારી તાલુકામાં ૨૧૪ મી.મી., કલ્યાણપુર તાલુકામાં ૨૦૦ મી.મી., જલાલપોર તાલુકામાં ૧૯૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં આઠ ઈંચથી વધુ જ્યારે પલસાણામાં ૧૯૦ મી.મી., મેંદરડામાં ૧૮૩ મી.મી., ધોરાજીમાં ૧૭૮ મી.મી., મહુવામાં ૧૭૬ મી.મી., મળી કુલ ચાર તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

## વલસાડમાં ભારે વરસાદથી ઘરોમાં પાણી ઘૂસતા સિનિયર સિટીઝનો હેરાન-પરેશાન

। (એજન્સી) વલસાડ, તા.૨ ।

વલસાડ શહેર અને તાલુકામાં વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા હતા. ભારે વરસાદના કારણે સિરાજ બેકરી વિસ્તારમાં સફાયર એપાર્ટમેન્ટ પાછળ પાણી ભરાયા હતા. સફાયર એપાર્ટમેન્ટ આસપાસના વિસ્તારમાં ઘરોમાં પાણી ઘૂસ્યા હતા. સિરાજ બેકરી વિસ્તારમાં દર વર્ષે પાણી ભરાવવાની સમસ્યા સર્જાય છે. ઘરોમાં પાણી ઘૂસતા સિનિયર સિટીઝનો હેરાન-પરેશાન થયા હતા. વલસાડ તાલુકા અને શહેરમાં વરસાદ પડી રહ્યો છે જેને પગલે વલસાડ શહેરના અમુક વિસ્તારની અંદર પાણી ભરાઈ જવાના દ્રશ્યો સર્જાયા હતા. વલસાડની સિરાજ બેકરી પાછળના વિસ્તારમાં સફાયર એપાર્ટમેન્ટ અને અન્ય ઘરોમાં પાણી ભરાતા ત્યાં રહેતા સિનિયર સિટીઝનો ની હાલત કફોડી બની હતી. તેમ છતાં વલસાડ નગરપાલિકાના કર્મચારીઓનું પેટનું પાણી પણ હલતું નથી અને લોકોને ઘર વરસાદમાં પોતાના ઘરમાં જ પાણી વચ્ચે રહેવા મજબૂર કરી દે છે. સ્થાનિકોએ વલસાડ નગરપાલિકાથી લઈને ગાંધીનગર સુધી ફરિયાદ કરી છે પરંતુ હજી સુધી કોઈ નિકાલ આવ્યો નથી. એક ઘરમાં વૃદ્ધ મહિલા જેના ઘરમાં પાણી ભરાયા છે એ માત્ર આજીજી કરતા રહ્યા કે કોઈને પણ બોલાવીને અહીંથી પાણી નીકળે એવી વ્યવસ્થા કરાવી આપો.



### ડિજિટલ બેંકિંગની નવીન પહેલ કરી છે

## નડિયાદમાં KDCC બેંકના સહકાર ભવન-ડિજિટલ બેંકિંગ સેવાઓનું અમિત શાહના હસ્તે ઇ લોકાર્પણ

। (એજન્સી) આણંદ, તા.૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકારથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી સંપૂર્ણતાનું સૂત્ર દેશની જનતા સમક્ષ મુક્યું છે. દેશની આઝાદીના ૭૫ વર્ષ બાદ પહેલીવાર કેન્દ્રમાં સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે અને એ શરૂઆત આવનારા દિવસોમાં સહકારી ક્ષેત્રને નવા ૧૦૦ વર્ષનું આયુષ્ય આપવા માટેનું મોટું કામ કરવા જઈ રહી છે. એમ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે નડિયાદમાં કેડીસીસી બેંકના નવનિર્મિત ભવન સરદાર પટેલ સહકાર ભવન અને ડિજિટલ બેંકિંગ સેવાઓનું ઈ લોકાર્પણ કરતાં જણાવ્યું હતું.

કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે કેડીસીસી બેંક દ્વારા ડિજિટલ બેંકિંગ સુવિધાઓની નવીન પહેલ કરીને કોઓપરેટિવને આજના સ્પર્ધાત્મક યુગમાં ઉભા રહેવા માટેનો નવો ચીલો ચાતર્યો છે. એક સમયે બંધ પડી જાય તેવી અવસ્થામાં પહોંચી ગયેલી કેડીસીસી બેંકે રૂ.૩૧ કરોડનો નેટ પ્રોફીટ કર્યો છે. રૂ.૧૮.૭૦ કરોડના ખર્ચે બેંકનું અત્યાધુનિક સુવિધાસજ્જ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ડિજિટલ બેંકિંગની નવીન પહેલ કરી છે જે યશ લેવાનો વિષય છે.કેડીસીસી બેંકના ચેરમેન તેજસ પટેલે જણાવ્યું કે સહકારથી સમૃદ્ધિની પરિકલ્પના પર ચાલીને કેડીસીસી બેંક દ્વારા તમામ સહકારી પ્રવૃતિ સાથે જોડાય અને આર્થિક રીતે સમૃદ્ધ બને તે માટે કટિબદ્ધ છે. ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત નવભારતની પરિકલ્પનાને ચરિતાર્થ કરવાના ભાગરૂપે સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર સાંધવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે ગુજરાત રાજયના સહકારિતા મંત્રી જગદીશ વિશ્વકર્મા, ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ આહીર, અમૂલ ડેરીના ચેરમેન વિપુલ પટેલ અને સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ, ધારાસભ્ય પંકજ દેસાઈ, અર્જુનસિંહ ચૌહાણ, યોગેન્દ્રસિંહ પરમાર, કલ્પેશ પરમાર વગેરે હાજર રહ્યા હતા.








નેતા વિપક્ષ શહેઝાદખાન પઠાણ દ્વારા મેયરશ્રીને આવેદનપત્ર આપતાં જણાવ્યું હતું કે અમદાવાદ શહેરમાં ચોમાસાની સિઝનમાં વરસાદમાં ઠેર ઠેર અમદાવાદના નગરજનો કુદરતી આપત્તીનો ભોગ ના બને પાણી ના ભરાય જેને લઈને ચાલુ વર્ષના ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ તથા અન્ય બાબતો અંગે મ્યુ. કોર્પો.ના અધિકારીઓ તથા ભાજપના સત્તાધીશો દ્વારા વોટર લોગિંગના ૧૧૦ સ્પોટને આઈડેન્ટીફાય કરી જાહેરાત કરેલ વોટર લોગિંગના ૧૧૦ સ્પોટ સહિત સમગ્ર અમદાવાદ શહેરમાં પાણી નહીં ભરાય પરંતુ સિઝનના પહેલાં જ વરસાદમાં અમદાવાદ શહેર સ્વિમિંગ પુલ બની જવા પામેલ છે જે કડવી વાસ્તવિકતા છે તેમજ અમદાવાદ શહેરનો પશ્ચિમ વિસ્તાર જ્યાંથી મ્યુ. કોર્પો.ને ટેક્ષની વધુ આવક મળે છે તે પશ્ચિમ વિસ્તારમાં જ વધુ પાણી ભરાવાની તેમજ ભુવા પડવાની ઘટના બનવા પામેલ છે.

પ્રી-મોન્સુન એકશન પ્લાનની બાકી રહેલ કામગીરી તાકીદે યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા તેમજ તે કામગીરીમાં થતાં વિલંબ દુઃલક્ષ તથા ગેરરીતી બાબતે જે કોઈ જવાબદાર હોય તેની સામે કાર્યવાહી કરી તેઓની સામે પગલાં ભરવા તથા આ બાબતે જો નજરઅંદાજ કરવામાં આવશે તો અમારે નાછૂટકે જલદ આંદોલન કરવાની ફરજ પડશે અને તે બાબતની તમામ જવાબદારી સત્તધારી પક્ષ તથા વહીવટી તંત્રની રહેશે તે બાબતે નેતા મ્યુ. કોંગ્રેસ પક્ષ શહેઝાદ ખાન પઠાણ તથા કોંગ્રેસ પક્ષના મ્યુ. કોઉન્સીલર દ્વારા મેયરશ્રીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

## આગામી ૫ દિવસ સમગ્ર ગુજરાતને ઘમરોળશે વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

હાલ રાજ્યમાં ચોમાસાની સારી શરૂઆત થઇ ચુકી છે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના લગભગ દરેક જિલ્લાઓમાં મેઘરાજા મહેરબાન જોવા મળ્યા છે, ત્યારે હવામાન વિભાગે ચિંતાજનક ચેતવણી આપી છે. રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ યથાવત રહેશે. રાજ્યનાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હાલ સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ તોફાની એન્ટ્રી કરી છે જેના લીધે ઘણા જિલ્લાઓમાં ધોધમાર વરસાદને પગલે વિકટ સ્થિતિ જોવા મળી રહી છે, જ્યારે હજુ પણ કેટલાક જિલ્લામાં અત્યંત ભારે વરસાદ અને અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ભારે વરસાદ ખાબક્યો છે, ત્યારે હવામાન વિભાગે ચિંતાજનક ચેતવણી આપી છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં પૂરની ચેતવણી આપી છે. હવામાન વિભાગ દ્વારા આ ચેતવણી અપાયા બાદ ઠેર-ઠેર ચિંતાનો વાતાવરણ સર્જાયો છે.

હવામાન વિભાગ મુજબ આગામી ૨૪ કલાક (૨ જૂલાઈ) સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેના લીધે આ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ પૂરનું સંકટ હોવાની સંભાવના છે. દરમિયાન હવામાન વિભાગે લોકોને નીચાણવાળા વિસ્તારમાં અવરજવર ન કરવા ચેતવણી આપી છે તેમજ આ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

### CMની સૂચનાને લઇ પોલીસ વડાએ મંજૂરી આપી

## પાટણમાં નીકળતી જગન્નાથજીની રથયાત્રાનો રૂટ વધારવામાં આવ્યો

। (એજન્સી) પાટણ, તા.૨ ।

પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે રવિવારે આયોજિત કાર્યક્રમમાં પધારેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પાટણ જગન્નાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં જગન્નાથ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્યએ ચાલુ સાલે પાટણની રથયાત્રાનો અંશતઃ રૂટ વધારીને રેલવે સ્ટેશન, રેલવે ગરનાળા, આનંદ સરોવરથી સુભાષ ચોક થઈને જૂના ગંજના પરંપરાગત માર્ગ ઉપર પ્રસ્થાન કરવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક પાસે પરવાનગી માટે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ આ રજૂઆતને ધ્યાને લઈ રથયાત્રાનો રૂટ વધારવા મંજૂરી આપવા જિલ્લા પોલીસ વડાને બોલાવી સૂચના આપી હતી. આથી જિલ્લા પોલીસ વડાએ રથયાત્રાનો રૂટ વધારવાની માગણીને સ્વીકારી મંજૂરી માટે સ્વિકૃતિ આપતા જગન્નાથ મંદિર ટ્રસ્ટ પરિવાર સહિત નગરજનોએ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત, પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી કે.સી.પટેલ, શહેર ભાજપ પ્રમુખ કિશોરભાઈ મહેશ્વરી સહિત હાજર રહ્યા હતા.

## પાલનપુર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ ના નિર્માણ માટે ગર્ડરનું લોન્ચિંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલ્વે પર ગતિ, સલામતી અને ગતિશીલતા વધારવાના ઉદ્દેશ્ય સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના ઝડપી વિકાસ માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે, આ દિશામાં આગળ વધતા અમદાવાદ મંડળના પાલનપુર સ્ટેશન પર આબુરોડ સાઈડમાં ફૂટ ઓવર બ્રિજ ના નિર્માણ માટે ૬ મીટર પહોળા ગર્ડર લોન્ચિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

યાત્રી સુવિધાઓ ના નિર્માણ ની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના વિકાસ માટે પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળ પર નિરંતર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે આ દિશામાં એન્જીનીયરીંગ વિભાગ દ્વારા પાલનપુર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (એફઓબી)ના નિર્માણ માટે કુલ ૧૨ ગર્ડર જેમાં ૨૫.૨ મીટર ના (૪) ૧૮.૫ મીટર (૪) તથા ૨૨.૧મીટર લંબાઈના (૪) ગર્ડરોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા. આ ફૂટ ઓવર બ્રિજ ની સાથે ૪ લિફ્ટ જેમાં સ્ટેશન ની બંને તરફ અને પ્લેટફોર્મ નંબર ૧અને ૨-૩ પર લિફ્ટ નું નિર્માણ કરવામાં આવશે. આ પરિયોજના હેઠળ, પ્લેટફોર્મ નંબર ૧,૨ અને ૩ થી યાત્રીઓને હવે સરળતાથી અવરજવર માટે લિફ્ટ ની સુવિધા પ્રાપ્ત થશે. આ નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માં સામેલ ચાર લિફ્ટોના નિર્માણ અને આ ફૂટ ઓવર બ્રિજ થી લગભગ



દરરોજ ૯-૧૦ હજાર યાત્રીઓ ને સીધો લાભ મળશે.

પશ્ચિમ રેલવેએ અમદાવાદ મંડળ ના વિકાસમાં મહત્વની પહેલ કરી છે, જે મુસાફરોને વધુ સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાનો એક નોંધપાત્ર પ્રયાસ છે. આ મહત્વપૂર્ણ કાર્યની સાથે સાથે, પશ્ચિમ રેલવેના એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત વિકાસ કાર્ય નિરંતર ચાલુ છે.

### રાજ્ય સરકારની જાહેરાત

## રાજ્ય સરકાર ૧૦ હજારથી વધુ ખેડૂતોને સહાય ચુકવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતમાં માર્ચ અને મે મહિનામાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નુકસાન થયું હતું. રાજ્યમાં ઘણા જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને ખેડૂતોને થયેલા નુકસાનની સહાય ચુકવવાની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે પણ સહાય ચુકવવાની માંગ કરી હતી. હવે આ સહાય મામલે મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ગુજરાતમાં માર્ચ અને મે મહિનામાં કમોસમી વરસાદની સહાય ચુકવવાની શરૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં માર્ચ ૨૦૨૪માં સાબરકાંઠા, મહેસાણા, ખેડા અને અરવલ્લીના ૯૬૭૪ ખેડૂતોને કમોસમી વરસાદની સહાય ચુકવવામાં આવશે. આ ખેડૂતોને એસડીઆરએફ નોર્મ્સ પ્રમાણે સહાય ચુકવવામાં આવશે. આ સિવાય વાત કરવામાં આવે તો મે મહિનામાં પણ રાજ્યમાં કમોસમી વરસાદ પડ્યો હતો. મે મહિનામાં સુરત અને વલસાડ જિલ્લાના ખેડૂતોને વધુ નુકસાન થયું હતું. હવે રાજ્ય સરકારે નર્મદા, સુરત અને વલસાડ જિલ્લાના ૧૩૬૯ ખેડૂતોને સહાય ચુકવવાનો નિર્ણય લીધો છે. આ બધા ખેડૂતોને સરકારી નિયમ પ્રમાણે સહાય મળશે. રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે "શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના" અમલમાં મૂકવામાં આવી છે.

## હિંમતનગર, તલોદ અને પ્રાંતિજમાં સવારથી ધીમી ધારે વરસાદ વરસ્યો

### વહેલી સવારથી જ વરસાદી માહોલ જામવાને લઈ ખેડૂતોમાં આનંદ વર્તાયો છે

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨ ।

હિંમતનગર, તલોદ અને પ્રાંતિજમાં સવારથી ધીમી ધારે વરસાદ વરસ્યો છે. વહેલી સવારથી જ વરસાદી માહોલ જામવાને લઈ ખેડૂતોમાં આનંદ વર્તાયો છે. સાબરકાંઠા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પણ વહેલી સવારથી વરસાદ વરસતા રાહત સર્જાઈ હતી.સાબરકાંઠામાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે. હિંમતનગર, તલોદ અને પ્રાંતિજમાં સવારથી ધીમી ધારે વરસાદ વરસ્યો છે. વહેલી સવારથી જ વરસાદી માહોલ જામવાને લઈ ખેડૂતોમાં આનંદ વર્તાયો છે. સાબરકાંઠા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પણ વહેલી સવારથી વરસાદ વરસતા રાહત સર્જાઈ હતી. આ પહેલી રવિવારે સાંજે પણ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.ખાસ કરીને ઈડરમાં બે કલાકમાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ઈડરમાં ૫૪ મીમી કરતા વધુ વરસાદ સોમવારે સવાર સુધીમાં અંતિમ ૨૪ કલાક દરમિયાન વરસ્યો હતો. જ્યારે તલોદમાં અડધો ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત વિજયનગર અને વડાલીમાં પણ વરસાદ નોંધાયો હતો.

## જુનાગઢના વંથલીમાં ઓઝત વિયર ડેમ થયો ઓવરફ્લો

। (એજન્સી) જુનાગઢ, તા.૨ ।

જુનાગઢ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. સાર્વત્રિક મેઘમહેરથી નદીઓમાં નવા નીરની આવક થઈ છે. સોરઠ પંથકની જીવાદોરી સમાન ઓઝત ડેમ ઓવરફ્લો થયો છે. વંથલી તાલુકાના અનેક ગામોને સાવચેત કરવામાં આવ્યા છે. વંથલી તાલુકાનો ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો છે. ડેમમાં ૧૦,૧૪૯ ક્યુસેક પાણીની આવક થઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થયો છે.

### વિશેષ — જમીનને નવ પલ્લવિત રાખતો લીલો પડવાશ

# જમીનના ભૌતિક-રાસાયણિક ગુણધર્મોમાં સુધારો, ફળદ્રુપતામાં વધારો, પાકની ગુણવત્તામાં વૃદ્ધિથી ખેડૂતોની આવકમાં અભિવૃદ્ધિ સહિતના અનેક લાભોનો સરવાળો એટલો લીલો પડવાશ

। (વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી) અમદાવાદ ।

રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીન નિરસ અને બિનફળદ્રુપ બનતી હોવાની ફરિયાદો વધી રહી છે. ત્યારે જમીનની ગુણવત્તા સુધારવા માટે પ્રાકૃતિક ખેતી એ ટકાઉ સમાધાન છે. પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામોને અપનાવીને ખેડૂતો ફરીથી પોતાની જમીનને ફળદ્રુપ બનાવી શકે છે એટલું જ નહીં ઉત્તમ ગુણવત્તાવાળો પાક પણ મેળવી શકે છે. ત્યારે પ્રાકૃતિક કૃષિનો પ્રચાર-પ્રસાર કરીને ખેડૂતોમાં જાગૃતતા લાવવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યનો કૃષિવિભાગ પ્રયાસરત્ત છે.

પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, બીજામૃત, મિશ્રપાક, આચ્છાદનની જેમ લીલો પડવાશ એક મહત્વપૂર્ણ આયામ છે. ત્યારે આવો જાણીએ લીલો પડવાશ એટલે શું, તેનાથી જમીન અને પાકને ક્યા ફાયદા થાય છે, જમીનમાં પાક માટે જરૂરી એવા ક્યા-ક્યા દ્રવ્યોમાં વૃદ્ધિ થાય છે. અને લીલા પડવાશની રીત શું છે.

**લીલો પડવાશ એટલે શું?**

જમીનમાં કાર્બનિક પદાર્થના પૂરવઠાનો વ્યવહારૂ ઉપાય લીલો પડવાશ છે. ત્યારે સામાન્ય ભાષામાં સમજીએ તો લીલા પડવાશમાં ખાસ કરીને કઠોળ વર્ગના પાકો ઉગાડી ફૂલ આવતા પહેલાં જમીનમાં દાટી દેવામાં આવે છે. જે જમીનમાં ભળી જઈ વિઘટન પામે છે અને જમીનમાં પોષક તત્વો પૂરા પાડે છે. આ સમગ્ર પ્રક્રિયાને "લીલો પડવાશ" કહે છે.

**લીલા પડવાશની રીતો**

લીલા પડવાશ માટે પણ વિવિધ રીતો પ્રચલિત છે. જેમાં

૧. ખેતરમાં જ પાક ઉગાડીને ખેતરમાં દબાવી દેવો. આ પદ્ધતિ વધુ પ્રચલિત છે.

૨. વૃક્ષો કુપોના પાંદડા અને કુમળી ડાળીઓ લાવી જમીનમાં નાંખી ભેળવી દેવી. ખેતરના શેઢાપાળા અથવા તો નજીકમાં વૃક્ષો ઉપલબ્ધ હોય તો આ પદ્ધતિ અપનાવી શકાય છે.

૩. લીલા પડવાશના પાકો ખેતરમાં ઉગાડી તેમાંથી કમ્પોસ્ટ ખાતર બનાવી ઉપયોગ કરવો. કોઈ વખત વરસાદ ઓછો હોય તો લીલા પડવાશના પાકોને જમીનમાં દાબવાને બદલે ખાડામાં કહોવડાવી કમ્પોસ્ટ ખાતર બનાવી ખેતરમાં નાંખી શકાય.

આ તો વાત થઈ લીલા પડવાશના વિવિધ પ્રકારોની. હવે જાણીએ જમીનમાં લીલો પડવાશ કરવાથી ક્યા ફાયદાઓ થાય છે.

**લીલા પડવાશના પાકોને જમીનમાં દાટવાની રીત**

લીલા પડવાશનો મહત્તમ લાભ મેળવવા લીલા પડવાશના પાકોને જમીનમાં કયારે દબાવવા તે અંગેનું જ્ઞાન જરૂરી છે. લીલા પડવાશના પાકોના જીવનકાળ દરમ્યાન તેના રાસાયણિક બંધારામાં અમુક ચોક્કસ ફેરફાર થતાં રહે છે. પાકના વિકાસની શરૂઆતના તબક્કામાં તેમાં નાઈટ્રોજન, પ્રોટીન અને જળદ્રાવ્ય હિસ્સાનું પ્રમાણ મહત્તમ હોય છે જયારે રેસા, સેલ્યુલોઝ, હેમીસેલ્યુલોઝ અને લિગ્નીનનું પ્રમાણ ઓછું હોય છે. તેમજ કાર્બન નાઈટ્રોજન ગુણોત્તર પણ ઓછો હોય છે. આથી જ અપરિપકવ છોડની પેશીઓનું પરિપકવ છોડની પેશીઓની સરખામણીએ ઝડપથી કહોવાણ થાય છે. સામાન્ય રીતે લીલા પડવાશના પાકો ફુલ આવતા પહેલા જમીનમાં દબાવી દેવા જોઈએ, તેમાં વિલંબ થાય તો નાઈટ્રોજનનું પ્રમાણ ઘટે છે તેમજ સેલ્યુલોઝ અને હેમી સેલ્યુલોઝનું પ્રમાણ તેમજ કાર્બન નાઈટ્રોજન ગુણોત્તર વધે છે જેથી કહોવાતા વાર લાગે છે.

**લીલા પડવાશ માટે ઉપયોગમાં લેવાતા વિવિધ પાકો**

સામાન્ય રીતે શરા, ઈક્કડ, ચોળા, ગુવાર અડદ, કુલથી, મઠ, ગ્લીરીસિડીયા વગેરે લીલા પડવાશ માટે અનૂકુળ પાક ગણી શકાય.

૧. શણ : આ પાક રેતાળ તેમજ ગોરાડુ જમીનમાં સારો થાય છે. તેની વૃદ્ધિ ઘણી જ ઝડપી હોય છે. ૩-૪ અઠવાડિયામાં ૪-૫ ફૂટની ઊંચાઈ પ્રાપ્ત કરે છે. અનુકૂળ જમીન અને આબોહવામાં આ પાક બીજી કોઈપણ પાકો કરતાં વધુ લીલો પદાર્થ આપી શકે છે.

૨. ઈક્કડ : કાળી જમીન માટે અનુકૂળ છે. આ પાક હલકી જમીનમાં પણ સારો થાય છે. વધુ ભેજ અને ક્ષારવાળી જમીનમાં પણ આ પાકનું વાવેતર કરી શકાય છે. વાવ્યા પછી તે ૪-૬ ફૂટની ઊંચાઈએ પહોંચે છે. છોડના થડ અને ડાળીઓ પ્રમાણમાં નક્કર હોવાથી સડવા માટે થોડો વધુ સમય લાગે છે

૩. ચોળા : આ પાક લીલા પદાર્થનું ઘણું જ ઓછું ઉત્પાદન આપે છે. તેથી લીલા પડવાશ તરીકે તેને ખાસ પસંદ કરવામાં આવતો નથી.

૪. ગુવાર : આ પાક ઓછા વરસાદ અને સૂકી આબોહવામાં થઈ શકે છે. ગુજરાતમાં આદુ, હળદર, સુરક્ષા વગેરેમાં છાયાના પાક તરીકે પાછળથી વાવવામાં આવે છે. અને ફૂલ આવતા પહેલાં કાપી લઈ લીલા પડવાશ તરીકે દાટી દેવામાં આવે છે. ગુવારના થડ પોચા હોય છે.

૫. કુલથી : લીલા પડવાશનો આ શિયાળુ પાક છે. તેના થડ અને પાન દળદાર અને જલ્દી કહોવાય તેવા હોય છે.

૬. ઢીંઢણ (સમ્બેનીયા રોસ્ટ્રેટા) : ઈક્કડને મળતો આ પાક છે, પરંતુ તેના થડ ઈક્કડ જેટલા કટારી નથી. તેના બીજને ઉગતા વાર લાગે છે. તેથી વાવતાં પહેલા ઉકળતા પાણીમાં ૩ સેકન્ડ રાખી બહાર કાઢી મુકવી વાવતેર કરવાથી તે ઝડપથી ઉગે છે.

**લીલા પડવાશના ફાયદાઓ**

ખેતીની જમીન પર લીલો પડવાશ કરવાથી જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મોમાં સુધારો થાય છે. આ ઉપરાંત જમીનની ફળદ્રુપતા પણ વધે છે. લીલા પડવાશથી પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં સુધારો થાય છે. એટલું જ નહીં બિનઉપજાઉ કે પડતર જમીનને પણ ફરી ફળદ્રુપ કરવા માટે લીલો પડવાશ એક અકસીર ઈલાજ છે. લીલા પડવાશથી થતા ફાયદામાં સૌથી પહેલા જાણીએ જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મોમાં શું સુધારા થાય છે.

**જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મોમાં સુધારો**

● જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો ઉપર હકારાત્મક અસર કરે છે.

● જમીનમાં સેન્દ્રિય તત્ત્વો જાળવી રાખવામાં મદદ કરે છે.

● સૂક્ષ્મ જીવાણુ માટે ખોરાક તથા ઊર્જાના સ્ત્રોત તરીકે કામગીરી કરે છે. જેનાથી સૂક્ષ્મ જીવાણું ઝડપથી વૃદ્ધિ પામે છે. જે લીલા પડવાશને કહોવડાવી પાક માટે જરૂરી પોષક તત્વો લભ્ય સ્વરૂપે પુરા પાડે છે.

● જમીનમાં હવાની અવરજવર વધારે છે.

● જમીનનો બાંધો સુધારે છે.

● ભારે જમીનની નિતાર શક્તિ અને હવાની અવર જવર વધારે છે.

● હલકી જમીનની ભેજધારણ શક્તિ વધારે છે.

● લીલો પડવાશ જમીન ઉપર આવરણ પુરૂ પાડે છે, જમીનનું તાપમાન ઘટાડે છે અને વરસાદ અને પાણીથી થતું જમીનનું ધોવાણ ઘટાડે છે.

**જમીનની ફળદ્રુપતામાં વધારો**

● લીલો પડવાશ જમીનના નીચલા સ્તરમાંથી પોષક તત્વોનું શોષણ કરે છે અને લીલો પડવાશ જમીનમાં દાટવાથી ઉપરના સ્તરમાં પોષક તત્વોનો ઉમેરો થાય છે.

● લીલો પડવાશ પોષક તત્વોને નીચલા સ્તરમાં ઉતરી જતા અટકાવે છે.

● કઠોળવર્ગના લીલા પડવાશના પાકો સહજીવી સૂક્ષ્મ જીવાણુઓની મદદથી હવામાંના નાઈટ્રોજનનું (૬૦ થી ૧૦૦ કિ.ગ્રા./હેકટર) જમીનમાં સ્થિરીકરણ કરે છે.

● જમીનમાંના સૂરમ જીવાણું દ્વારા લીલા પડવાશના વિઘટન દ્વારા ઉત્પન્ન થતા કાર્બનિક એસિડ, ફોસ્ફેટ, ચૂના તથા ગૌણતત્ત્વની કાવ્યતા વધારે છે.

**સમસ્યાયુક્ત જમીનમાં સુધારો**

● ભાસ્મિક જમીનમાં સતત ચાર થી પાંચ વર્ષ સુધી ઈકડનો લીલો પડવાશ કરવાથી જમીનની નિતાર શક્તિ વધે છે અને જમીન નવસાધ્ય બને છે.

**પાકના ઉત્પાદન અને ગુણવત્તામાં વધારો**

● લીલા પડવાશ પછી લેવામાં આવતા પાકના ઉત્પાદનમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે.

● ડાંગર જેવા પાકમાં વિટામિન અને પ્રોટીનના પ્રમાણમાં વધારો થાય છે.

ન્યુઝ બોક્ષ

## પાક.ની ઘૂસણખોરને ભારતીય સીમા સુરક્ષા દળએ ઠાર કર્યો



। (એજન્સી) ફિરોઝપુર, તા.૨ ।

ભારત-પાકિસ્તાન બોર્ડર પર ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા એક પાકિસ્તાની ઘૂસણખોરને ભારતીય સીમા સુરક્ષા દળ (BSF)એ ઠાર કર્યો છે. ઘૂસણખોરે રાત્રિના અંધકારનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સરહદ પર તૈનાત બીએસએફ જવાનોએ ચેતવણી આપ્યા બાદ તેને ઠાર કર્યો હતો. BSFએ સોમવાર-મંગળવારની મધ્યરાત્રિએ ફાઝિલ્કા/ફિરોઝપુર બોર્ડર પર આ કાર્યવાહી કરી છે. એક પાકિસ્તાની ઘૂસણખોરે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે BOP સદકી પાસે ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. ફરજ પરના જવાનોએ તેને પડકાર્યો. પરંતુ પાકિસ્તાની નાગરિક આક્રમક મુદ્રામાં આગળ વધતો રહ્યો. જ્યારે તેને પડકારવામાં આવ્યો ત્યારે તેણે ફરીથી ભારતીય સરહદ તરફ આગળ વધવાનું શરૂ કર્યું.

## અમરનાથ યાત્રા : ત્રણ દિવસમાં ૫૧ હજારથી વધુ ભક્તો બાબાના દરબારમાં પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

શ્રી અમરનાથ યાત્રા માટે દેશભરમાંથી આવતા શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાબા બર્ફાનીના દર્શન કરવા માટે દરરોજ હજારો ભક્તો આવી રહ્યા છે. ત્રીજા દિવસે બાબાના દરબારમાં ૨૩,૪૩૭ ભક્તો આવ્યા હતા. જેના કારણે માત્ર ત્રણ દિવસમાં કુલ યાત્રાળુઓની સંખ્યા ૫૧,૦૦૦ને વટાવી ગઈ છે. આ પ્રવાસ પરંપરાગત પહેલગામ અને બાલટાલ માર્ગ દ્વારા ચાલુ રહે છે. આ દરમિયાન જમ્મુના બેઝ કેમ્પ ભગવતી નગરથી ૬૪૬૧ શ્રદ્ધાળુઓનું એક જૂથ કાશ્મીર માટે રવાના થયું હતું. જમ્મુથી બાલતાલ જવા નીકળેલા જૂથમાં ૧૬૨૮ પુરૂષો, ૫૨૫ મહિલાઓ, ૭ બાળકો, ૧૪૫ સાધુઓ અને ૧૬ સાધ્વીઓનો સમાવેશ થાય છે. એ જ રીતે, પહેલગામમાં ૩૨૦૩ પુરૂષ, ૬૯૮ સ્ત્રીઓ, ૭ બાળકો, ૧૮૭ સાધુ અને ૪૫ સાધ્વીઓ છે. આ મુસાફરો ૨૬૫ નાના-મોટા વાહનોમાં ગ્રુપ સાથે ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી જમ્મુના બેઝ કેમ્પથી ૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓનો સમૂહ સતત જઈ રહ્યો છે.હવામાન પણ પ્રવાસીઓને સાથ આપી રહ્યું છે. જો કે, જમ્મુમાં છેલ્લા બે દિવસથી વહેલી સવારના વરસાદ બાદ દિવસ દરમિયાન વાતાવરણ ખુલી રહ્યું છે.

### કેજરીવાલ ૧૨ જુલાઈ સુધી ન્યાયિક છે કસ્ટડીમાં

# દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર સીબીઆઈને હાઈકોર્ટની નોટિસ

### એફઆઈઆર ૨૦૨૨માં જ નોંધવામાં આવી હતી તેને એપ્રિલ ૨૦૨૩માં બોલાવવામાં આવ્યો હતો અને ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સીબીઆઈ દ્વારા ૨૬ જૂને ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલની અગાઉ ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલે ધરપકડને પડકારી હતી. CBI દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર મંગળવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ સીબીઆઈને નોટિસ પાઠવીને ૭ દિવસમાં જવાબ માંગ્યો છે. કેસની આગામી સુનાવણી ૧૭ જુલાઈએ થશે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની બેન્ચે કેજરીવાલની અરજી પર સુનાવણી કરી હતી. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કેજરીવાલની ધરપકડ પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે એફઆઈઆર ૨૦૨૨માં જ નોંધવામાં આવી હતી. તેને એપ્રિલ ૨૦૨૩માં બોલાવવામાં આવ્યો હતો અને ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારપછી કંઈ થયું ન હતું અને હવે તેની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ધરપકડના મેમોમાં કેટલાક કારણો જણાવવા જરૂરી છે.



**કોર્ટે સિંઘવીને પૂછ્યું કે તમે ધરપકડને રદ કરીને કસ્ટડીમાંથી મુક્ત કરવાની માંગ કરી રહ્યા છો? સિંઘવીએ હામાં જવાબ આપતાં કોર્ટે પૂછ્યું, 'તમે જામીન અરજી કરી છે?' સિંઘવીએ જવાબ આપ્યો કે તેણે હજી સુધી આવું કર્યું નથી, પરંતુ તેમ કરવા જઈ રહ્યો છું. કોર્ટે સીબીઆઈને નોટિસ પાઠવીને જવાબ દાખલ કરવા કહ્યું છે. ન્યાયાધીશે શનિવારે કેસની યાદી આપવા જણાવ્યું હતું. કેજરીવાલે સ્પેશિયલ કોર્ટના ૨૬ જૂનના આદેશને પણ પડકાર્યો છે, જેના હેઠળ તેમને ત્રણ દિવસના CBI રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે સીબીઆઈએ ધરપકડ માટે ખોટા આધાર બનાવ્યા. ધરપકડ માટે કોઈ તર્ક આપવામાં આવ્યો ન હતો. અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેમની ધરપકડ ૪ જૂન પહેલા સીબીઆઈના કબજામાં રહેલી સામગ્રીના આધારે કરવામાં આવી હતી. પહેલેથી જ ઉપલબ્ધ સામગ્રીના આધારે ધરપકડ ગેરકાયદેસર છે, જેમાં પુનઃમૂલ્યાંકન સામેલ છે, જેની કાયદા દ્વારા પરવાનગી નથી.**

### ભારે વરસાદના કારણે આસામની સ્થિતિ વિકટ બની

## ઉતરાખંડમાં રેડ એલર્ટ અને દિલ્હીમાં ઓરેન્જ એલર્ટ જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



એક તરફ ગરમીથી ત્રસ્ત લોકોની રાહ વરસાદના ટીપાંથી ખતમ થઈ ગઈ છે, તો બીજી તરફ ઉત્તર-પૂર્વમાં આસામ અને અરુણાચલ છેલ્લા એક મહિનાથી પૂરનો સામનો કરી રહ્યા છે. નદીઓ પોતાનું ઉગ્ર સ્વરૂપ બતાવી રહી છે. આ દિવસોમાં સમગ્ર ડિબ્રુગઢ શહેર પાણીમાં ડૂબી ગયું છે. પાણીએ એવો હાહાકાર મચાવ્યો છે કે લોકોનું જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ઉત્તર-પૂર્વના લોકો પાણી જોઈને શ્વાસ લે છે, જ્યારે ઉત્તરાખંડ રેડ એલર્ટને કારણે આઘાતમાં છે. રેડ એલર્ટ બાદ લોકોમાં ભયનો માહોલ છે. ગુજરાતના સ્થળો પણ રેડ એલર્ટ પર છે. દિલ્હી પણ આ મામલે પાછળ નથી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે સમગ્ર દિલ્હી પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. હજુ સુધી લોકો તે પરિસ્થિતિમાંથી બહાર આવી શક્યા નથી કે હવે હવામાન વિભાગે ફરી એકવાર વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આસામ અને અરુણાચલ પ્રદેશમાં પૂરના કારણે હાહાકાર મચી ગયો છે. ૬.૪૪ લાખથી વધુ લોકો પૂરની ઝપેટમાં છે, જ્યારે ૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મુસીબતનો હજુ અંત આવ્યો નથી. IMDએ ફરીથી ભારે વરસાદની આગાહી જાહેર કરી છે. IMD એ ખાસ હવામાન બુલેટિન જારી કરીને કહ્યું છે કે ૧ જુલાઈથી ૫ જુલાઈ સુધી ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. ગુવાહાટીના પ્રાદેશિક હવામાન કેન્દ્રે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જેના કારણે મોટા ભાગના સ્થળોએ મધ્યમ વરસાદની સંભાવના છે. રિપોર્ટ અનુસાર કાઝીરંગા વન્યજીવ અભયારણ્યનો મોટો હિસ્સો પાણીમાં ડૂબી ગયો છે.

## ખ્રિસ્તી ધર્મમાં ગેરકાયદે રીતે ધર્માંતરણ મોટા પાયે થઈ રહ્યું છે : અલ્હાબાદ હાઈકોર્ટ

। (એજન્સી) અલ્હાબાદ, તા.૨ ।

અલ્હાબાદ હાઈકોર્ટે ધર્માંતરણ અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું છે કે, 'જો ધર્માંતરણ જે રીતે થઈ રહ્યું છે તે રીતે ચાલુ જ રહેશે તો દેશની બહુમતી વસ્તી પણ લઘુમતી બની જશે. સમગ્ર ઉત્તર પ્રદેશમાં SC/ST અને આર્થિક રીતે ગરીબ લોકોનું ખ્રિસ્તી ધર્મમાં ગેરકાયદે રીતે ધર્માંતરણ મોટા પાયે થઈ રહ્યું છે.' જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે ધર્મ પરિવર્તનના આરોપી કૈલાશની જામીન અરજી ફગાવી દેતા આ ટિપ્પણી કરી હતી. હમીરપુરના મૌદહા પોલીસ સ્ટેશનમાં અરજદાર કૈલાશ વિરુદ્ધ ગેરકાયદેસર ધર્મ પરિવર્તનની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદી રામકલી પ્રજાપતિના ભાઈ રામફલને કૈલાશ હમીરપુરથી દિલ્હી એક સામાજિક સમારોહ અને કલ્યાણ સમારોહમાં હાજરી આપવા માટે લઈ ગયા હતા.

### અખિલેશ યાદવે એનડીએ સરકાર જોરદાર હુમલો

## ભાજપની અયોધ્યામાં થયેલી હાર પર અખિલેશનો કટાક્ષ

### સાંસદે કહ્યું- "હોઈ વહી જો રામ રચિ રાખા", બીજેપીની વિકાસની વ્યાખ્યાને આ શબ્દોમાં



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨ ।

સંસદના વિશેષ સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ દરમિયાન બોલતા યુપીના પૂર્વ સીએમ અને સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવે એનડીએ સરકાર જોરદાર હુમલો કર્યો છે. યુપીમાં બીજેપીને મોટો ઝટકો અને અયોધ્યા સીટ પર મળેલી હારને લઈને અખિલેશ યાદવે કહ્યું કે ત્યાંની જીત ભારતના પરિપક્વ જનતાની જીત છે. તેમણે સત્તાધારી પાર્ટી બીજેપી પર કટાક્ષ કરતા કહ્યું કે હોઈ વહી જે રામ રચિ રાખા. અખિલેશ યાદવે એક કવિતા દ્વારા એનડીએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે આ તેમનો નિર્ણય છે, જેમની લાકડીમાંથી અવાજ નથી આવતો, જે લોકો કોઈકને લાવવાનો વાયદો કરતા હતા, તેઓ જ હાલ કોઈકના સહારાના લાચાર છે. અમે અયોધ્યામાંથી લાવ્યા છે, તેમના પ્રેમનો પૈગામ, જો સચ્ચે મનસે કરતે હૈ, સબકા કલ્યાણ, સદીઓથી જન જન ગાતા હૈ જિનકા નામ, અભયદાન દેતી હૈ જિનકી મંદ મંદ મુસ્કાન, માનવતા કે લિએ જીનકા ઉઠતા તીર કમાન, જે અસત્ય પર સત્યની જીત કા હો નામ, ઉફનતી નદી પર જો બાંધે મર્યાદાનો બંધ, વો હૈ અવધ કે રાજા પુરષોતમ રામ, હમ અયોધ્યાથી લેકર આયે હૈ પ્રેમ કા પૈગામ. આ સિવાય અખિલેશ યાદવે કહ્યું કે બંધારણ જ સંજીવની છે અને તેમની જીત થઈ છે. બંધારણના રક્ષકોની જીત થઈ છે. આ સરકાર ચાલે તેવી નથી, પડે તેવી સરકાર છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશના લોકોનો બસ એ જ આગ્રહ છે, જે ગંગા જળને લઈને સાચુ કહેવાના કસમ ખાવામાં આવે છે. ઓછામાં ઓછું આ ગંગા જળથી તો ખોટું ન કહેવામાં આવે. વિકાસનો ઢઢેરો પીટનારા વિનાશની જવાબદારી ક્યારે લેશે, મંદિરની ટપકતી છત અને રેલવે સ્ટેશનની પડેલી દિવલે ભ્રષ્ટ્રાચારની પોલ ખોલી દીધી છે. તેમણે કહ્યું કે અમે જે રસ્તાઓ બનાવ્યા હતા, તેની પર હવાઈ જહાજો ઉતરતા હતા અને ઉત્તરપ્રદેશના મુખ્ય નગરના રસ્તાઓ પર તો હોડીઓ ઉતરી છે. હવે વધુ વરસાદ પડશે તો હોડીથી જ ચાલવું પડશે, આ જ સ્માર્ટ સિટીના દાવાઓનો હાલ છે. છેલ્લા ૧૦ વર્ષની ઉપલબ્ધિઓ એટલી રહી કે એક શિક્ષા પરીક્ષા માફિયાનો જન્મ થયો.

# યુપીમાં ૧ લાખના ઈનામી કુખ્યાત ગુનેગારનું એન્કાઉન્ટર

### મૃતક સુમિત સિંહ ઉર્ફે મોનુ ચવન્ની મઉ જિલ્લાના સરાયલખંસીના નરઈ એમિલિયાનો રહેવાસી હતો

। (એજન્સી) જૌનપુર, તા.૨ ।



યુપીના જૌનપુરમાં બદલાપુરની શાહપુર ગૌશાળા પાસે મંગળવારે સવારે થયેલા એક્કાઉન્ટર દરમિયાન એક બદમાશને માથામાં ગોળી વાગતા માર્યો ગયો છે. જ્યારે તેના સાગરિતો અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. મૃતક ગુનેગારની ઓળખ કુખ્યાત ૩૫ વર્ષીય ગુનેગાર સુમિત કુમાર સિંહ ઉર્ફે મોનુ ચવન્ની તરીકે થઈ છે, જે મઉ જિલ્લાના સરાયલખંસીના નરઈ એમિલિયાનો રહેવાસી છે. તેના પર ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસને સ્થળ પરથી AK-47 રાઈફલ, ૯ MM પિસ્તોલના શેલ અને કારતુસ મળી આવ્યા છે. ઓળખ બાદ, પોલીસ કુખ્યાત સુમિત કુમાર સિંહ ઉર્ફે મોનુ ચવન્નીનો ગુનાહિત ઈતિહાસ એકત્રિત કરી રહી છે. મળેલી કડીઓના આધારે, STF, બદલાપુર પોલીસ સ્ટેશન અને SWATની સંયુક્ત ટીમે વારાણસી લખનઉ નેશનલ હાઈવે પર બદલાપુરના સરોખનપુરમાં શંકાસ્પદ વાહનો અને વ્યક્તિઓની તપાસ કરવાનું શરૂ કર્યું. આ દરમિયાન પુરપાટ ઝડપે આવતી બોલેરોને રોકવાનો ઈશારો કરવામાં આવ્યો, પરંતુ કારમાં સવાર બદમાશો એ પોલીસ ટીમ પર ગોળીબાર કરતા શાહગંજ રોડ પર ભાગવા લાગ્યા. પોલીસ ટીમે તેમનો પીછો કર્યો. બદમાશોએ લગભગ ચાર કિલોમીટર દૂર શાહપુરમાં પીળી નદીન પુલ પરથી બોલેરોને દુગૌલી ખુર્દ તરફ વાળી લીધી. શાહપુરમાં જ ગૌશાળા પાસે બોલેરો કાદવમાં ફસાઈ ગઈ. આ દરમિયાન ચારેબાજુથી ઘેરાઈ ગયા હોવાથી બદમાશો બોલેરોમાંથી નીચે ઉતર્યા અને પોલીસ ટીમ પર ગોળીબાર કરતા ભાગવા લાગ્યા.

### કોરોનાના નવા વેરિઅન્ટે વધારી મુશ્કેલી

## યુએસ અને યુકે સહિતના અનેક દેશોમાં કોરોનાના કેસોમાં વધારો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।



ઘણા દેશોમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર વાયરસમાં ફરી એકવાર એક નવું પરિવર્તન સામે આવ્યું છે જેના કારણે એક નવું પ્રકાર એલબી.૧ બહાર આવ્યો છે. યુએસ અને યુકે સહિત ઘણા દેશોમાં આ નવા વેરિઅન્ટને કારણે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) ના રિપોર્ટ અનુસાર, નવું વેરિઅન્ટ ઘણા મામલાઓમાં પડકારરૂપ બની શકે છે, એવી આશંકા છે કે તે ટૂંક સમયમાં કોરોનાના પહેલાના વેરિઅન્ટ KP.3ને પાછળ છોડી શકે છે. સીડીસીએ તેના રિપોર્ટમાં કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં કોરોનાના લગભગ ૧૭.૫% નવા કેસ માટે આ વેરિઅન્ટને મુખ્ય કારણ માનવામાં આવે છે. સીડીસીના પ્રવક્તા ડેવિડ ડાઈગલે એક નિવેદનમાં કહ્યું, "અમે કોરોનાના તમામ પ્રકારો પર સતત નજર રાખીએ છીએ." કેટલાક દેશોમાંથી ચેપના વધતા જતા કેસોના અહેવાલો છે, ઘણા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની પણ જરૂર પડી રહી છે. કોરોનાના નવા પ્રકારને લઈને દરેક વ્યક્તિએ સાવચેત રહેવાની જરૂર છે. સીડીસીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, આ વેરિઅન્ટ ખૂબ જ ઓછા સમયમાં ઝડપથી વધી રહ્યો છે. જો કે, હાલમાં એવા કોઈ પુરાવા નથી કે નવા પ્રકાર હાલના KP.3 વેરિઅન્ટ કરતાં વધુ ચેપી છે અથવા તે ગંભીર રોગોનું કારણ બને છે? નવા વેરિઅન્ટ વિશેની પ્રાથમિક માહિતી અનુસાર, LB.1 ની મોટાભાગની પ્રકૃતિ KP.3 જેવી જ જોવા મળે છે. જો કે, નવા પ્રકારમાં વધારાનું પરિવર્તન જોવા મળ્યું છે જે સંભવિતપણે તેની ચેપીતામાં વધારો કરી શકે છે. સીડીસીના પ્રવક્તા ડેવિડ સમજાવે છે કે, પ્રારંભિક અભ્યાસના આધારે, અમે કહી શકીએ છીએ કે નવા વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં જોવામાં આવેલ વધારાનું પરિવર્તન તે કેટલાક લોકોને વધુ સરળતાથી સંક્રમિત કરવાની ક્ષમતા આપે છે.



**નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા.**

## ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝા પર કર્યો ધરખમ વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।




ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપ્યો છે. સરકારે સ્ટુડન્ટ વિઝા ફી વધારીને બમણી કરતા વધુ કરી દીધી છે. આ વ્યવસ્થા એક જુલાઈથી લાગુ પણ થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝની સરકારે આ પગલું તાજેતરમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા ધરખમ વધારા બાદ ભર્યું છે. હવે તેની સૌથી વધુ અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે, કારણ કે, ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બીજા નંબર પર છે. સરકારી આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયન સંસ્થાઓમાં એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૩ના સમયગાળામાં આ સંખ્યા ૧.૨૨ લાખ હતી.

## મારો ભાઈ હિંદુઓનું અપમાન ન કરી શકે : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભા અને રાજ્યસભા બંને સદનોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચર્ચા શરૂ કરી અને બંધારણના બહાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પોતાના હાથમાં બંધારણની નકલ સાથે ભાષણની શરૂઆત કરી હતી. આ દરમિયાન તેમણે એવું નિવેદન આપ્યું જેનાથી હોબાળો મચી ગયો. તેના પર વડાપ્રધાન મોદીએ ઊભા થઈને વિરોધ કર્યો અને કહ્યું કે, 'સમગ્ર હિંદુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે.' બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધીએ રાહુલ ગાંધીનો બચાવ કર્યો હતો.

## નવા ફોજદારી કેસ નોંધવામાં પોલીસના પરસેવા છૂટ્યા




। નવી દિલ્હી, તા.૨ ।

સોમવારે નવો કાયદો ઈન્ડિયન જસ્ટિસ કોડ (BNS) લાગુ થયા બાદ પોલીસકર્મીઓને કેસ નોંધવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. કાયદાની નવી કલમો વિશે જાણકારીના અભાવને કારણે પોલીસ કર્મચારીઓ પોલીસ સ્ટેશનોમાં ઉપલબ્ધ નવા કાયદાના પુસ્તક અને મોબાઈલ એપની મદદથી કેસ નોંધતા જોવા મળ્યા હતા.દિલ્હી પોલીસે કાયદાના અમલ પહેલા દિલ્હી પોલીસના તમામ કર્મચારીઓને ટ્રેનિંગ આપી હતી. પરંતુ પોલીસકર્મીઓને નવી કલમો હેઠળ કેસ નોંધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમય દરમિયાન પોલીસકર્મીઓ પુસ્તક અને એપ્લિકેશનની મદદથી સંબંધિત કલમો હેઠળ કેસ નોંધી રહ્યા હતા. પોલીસ કર્મચારીઓએ જણાવ્યું કે સેક્શન યાદ ન હોવાને કારણે તેમને એપ અને બુકનો સહારો લેવો પડે છે. એકાદ-બે મહિનામાં બધું સામાન્ય થઈ જશે. નવા કાયદા હેઠળ, આઉટર-નોર્થ ડિસ્ટ્રિક્ટ પોલીસે ગઈકાલે વિવિધ પોલીસ સ્ટેશનોમાં લૂંટ, સ્નેચિંગ, લડાઈ અને ચોરીના સાત કેસ નોંધ્યા છે. ઉત્તર-પશ્ચિમ જિલ્લા પોલીસે કેશવપુરમમાં એક યુવતી પાસેથી મોબાઈલ ફોન છીનવી લેવાનો કેસ નોંધ્યો હતો.

## તંત્રી લેખ...

# નાની-મોટી મુશ્કેલીઓ અને પડકારો આવતા-જતા રહે છે

સમય એકસમાન નથી રહેતો. નાની-મોટી મુશ્કેલીઓ અને પડકારો આવતા-જતા રહે છે, સફળતાનો માર્ગ એની સામે ઝઝૂમીને જ મળે છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં બે વિકલ્પ હોય છે - ઘૂંટણિયે પડી જવું અથવા તેનો સામનો કરવો. ઘૂંટણિયે પડી જવું સરળ છે. સરેરાશ માનસિકતાનો વ્યક્તિ આ જ કરે છે. પછી તે પોતાની દુર્દશા દરેકને કહેતો ફરે છે, ભાગ્યને ભાંડતો રહે છે. બીજી તરફ, ખુદની અથાગ શક્તિ પ્રત્યે આશ્વસ્ત વ્યક્તિ વિકટ પરિસ્થિતિથી ખચકાતો નથી, બલ્કે તેની સામે લડે છે અને વિજયી થઈને યશનો ભાગીદાર બને છે. પોતાની વ્યથા બીજા લોકોને કહેતા રહેવું સ્વીકારોક્તિ છે કે સંબદ્ધ વ્યક્તિને કશું સૂઝી નથી રહ્યું અને તેને સહાનુભૂતિ જોઈએ છે. પોતાની ચિંતાઓ બીજા પર નાખતો વ્યક્તિ ઘર-પરિવાર અને સમાજ પર બોજ હોય છે. મોટાભાગના લોકો તેનાથી દૂર રહે છે. સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં આપણે એવા વ્યક્તિ જોઈએ, જે બીજાને સશક્ત બનાવે, એવા નહીં જે ખુદ પર બોજ હોય. જીવનનો ભરપૂર આનંદ એ લોકો ઉઠાવે છે, જે સંકટનીણોમાં ફરિયાદી મુદ્રામાં ઢળી જવાની અપે-ાાએ પોતાના મનનો દીપ પ્રજ્વલિત કરે છે. સંકટ જેટલું ઘેરું હોય છે એ જ અનુપાતમાં અંદરનો દીવો પ્રકાશવાન કરવાનો હોય છે. પછી એક નવનિર્મિત આભા તમામ દિશાઓથી અનુકૂળ શક્તિઓને આકર્ષે છે. ત્યારે અણધાર્યા સ્રોતોથી સહાયતા માટે પ્રગટ થયેલા અનેક હાથ પૂછવા લાગે છે કે 'તમારે શું જોઈએ?' મનુષ્ય પ્રેમ, સૌંદર્ય અને પ્રકાશ તરફ આકર્ષિત થાય છે. બીજા પર સવાર રહેવાનો અવસર શોધનારાનો દીવો પ્રગટતો નથી. ગરીબી અને નિરાશાના દોરમાં મુખ મુદ્રાને પ્રફુલ્લિત, પ્રસન્નચિત્ત રાખવામાં ટેવાઈ જશો તો રસ્તો અવશ્ય મળશે. જેણે કાળચક્રના થપેડા સહન કર્યા, તેમાંથી શીખ્યા અને ખુદને ઘડ્યા, તેઓ જ બુલંદીનો સ્પર્શ કરી શકે છે. તેથી દરેક સમસ્યાનો એક ઉપહાર માનવો જોઈએ. સમય એ સૌને માટે ખૂબ જ અગત્યનું પરિબળ છે કારણ કે એકવાર ગયેલો સમય ક્યારેય પાછો આવતો નથી. તો આપણે સૌએ સમયનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. સમયનું મહત્વ સમજવું જોઈએ. કારણ કે સમયની સાથે આવેલી તક એ ફરી ફરીને નહીં આવે. સફળતા અને નિષ્ફળતાનો આધાર એ સમયના ઉપયોગ પર જ આધારિત છે. જો આપણે એનો યોગ્ય ઉપયોગ કરીશું તો સફળતા જરૂર મળશે જ. સમય એ રૂપિયા કે નાણાં કરતાં પણ વધારે મહત્વનો છે કારણ કે સમયની અગત્યતા જાણ્યા વગર જો તેને યોગ્ય ઉપયોગ કરવામાં ન આવે તો આપણે નાણાં કમાઈ શકતા નથી. સમય અને નાણાં એ બિલકુલ જુદી વસ્તુ છે.

## શું કોલેજો, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને નોકરીઓમાં અનામતથી અસમાનતા

આપણા દેશમાં અનામત પર લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે કે શું કોલેજો, ઉચ્ચ શિ-ાણ સંસ્થાઓ અને નોકરીઓમાં અનામતથી અસમાનતાને ઉત્તેજન મળી રહ્યું છે? એના પર લોકોના પોતપોતાના વિચારો અને દષ્ટિકોણ છે. આ જ કારણ છે કે અનામત પર દેશ ક્યારેય એકમત નથી થઈ શક્યો. અનામતની નીતિ માત્ર ભારતમાં જ નહીં, બલ્કે વિશ્વના અનેક દેશોમાં અપનાવવામાં આવે છે. અલગ-અલગ દેશોમાં રંગ, લિંગ, જાતિ, ધર્મ અને વંશના આધાર પર થઈ રહેલા ભેદભાવને ખતમ કરવા માટે દલિત વર્ગને અનામતના માધ્યમથી ઉપર ઉઠાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. આપણા દેશમાં અનામતને વધુ માન્ય બનાવવા માટે વિદ્યાલય સ્તરથી જ તેની ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને સમજવાની જરૂર છે. તેના માટે દરેક બાળકોના મનમાંથી જાતિ, વંશ, અને -ેત્રિયતાનો ભેદભાવ ખતમ કરવો પડશે. ત્યારે જ આપણો સમાજ સમાન બની શકશે. કેટલાય લોકો અનામતને ઉચ્ચ શિ-ાણ, રોજગાર અને સત્તાવાર યોજનાઓ સુધી પછાત વર્ગની પહોંચને આસાન બનાવવાના રસ્તા રૂપે જુએ છે. વાસ્તવમાં આ અધૂરું સત્ય છે, કારણ કે એનાથી સરકારી નોકરીઓની સંખ્યા, સરકારી શિ-ાણ સંસ્થાઓમાં સીટો અને ત્યાં સુધી કે કલ્યાણકારી યોજનાઓ માટે પણ બજેટની મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને માંગને સાપેક્ષ આ બધાની ઉપલબ્ધતા ઓછી થતી જાય છે. જ્યારે છેલ્લા ત્રણ દાયકામાં ભારતના સામાજિક-આર્થિક પરિવર્તન વિશે એક મોટું સત્ય એ છે કે સુધારાએ લાખો લોકોને ગરીબીની બહાર કાઢ્યા છે. એકંદરે જ્યારે અનામત પર ચર્ચા થાય છે તો એ પણ ચર્ચા સ્વાભાવિક છે કે જે લોકો અનામતને કારણે હવે સશક્ત થઈ ગયા છે અથવા તો પહેલેથી જ સશક્ત હતા, પરંતુ અનામતનો લાભ ઉઠાવતા આવ્યા છે, તેમની ઓળખ કરવામાં આવે અને તેમને અનામતથી વંચિત કરવામાં આવે. આ સંદર્ભે પહેલાં રોહિણી આયોગની રચના કરવામાં આવી હતી કે તે એની સમી-ાા કરે અને એક નવા વર્ગીકરણ રજૂ કરે જેનાથી અનામતનો લાભ એ વંચિત વર્ગોને મળી શકે જે વાસ્તવમાં અનામત લેવાને યોગ્ય છે. આયોગે પોતાની ભલામણો સોંપી હતી, જેના પર વિચાર કરવો જોઈએ. રોહિણી આયોગનું મિશન સામાજિક અને શૈ-ાણિક રૂપે પછાત વર્ગોની સ્થિતની તપાસ કરવી, તેમની બહેતરી માટે ઉપાય સૂચવવાનું હતું. તેમને અનામતની અંદર લાભ વિતરણની નિષ્પ-તાનું આકલન કરવાનું હતું અને ઓબીસીની અંદર ઉપવર્ગીકરણ માટે માપદંડો નક્કી કરવાના હતા. તે ઉપરાંત આયોગે ઓબીસીની કેન્દ્રીય યાદીમાં એડજસ્ટમેન્ટની ભલામણ કરવા, દોહરાવ, અસ્પષ્ટતા, વિસંગતિઓ એ વર્તની કે લેખનમાં ત્રુટિઓ જેવા મુદ્દાઓને સંશોધિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ૨૦૧૮માં રોહિણી પંચે ઓબીસી માટે અનામત ૧.૩ લાખથી વધારે સરકારી નોકરીઓ અને સરકારી સંસ્થાઓમાં પ્રવેશની તપાસ કરી. અંતે નિષ્કર્ષોથી ખબર પડી કે ૯૭ ટકા અનામત અવસરોને ૨૫ ટકા ઓબીસી ઉપજાતિઓએ લઈ લીધા, જેનાથી ૯૮૩ સમુદાયોને શૂન્ય પ્રતિનિધિત્વ મળ્યું. જ્યારે ૯૯૪ જાતિઓ દ્વારા માત્ર ૨.૬૮ ટકા અનામતનો ઉપયોગ કરવામાં આવ્યો. રોહિણી આયોગના ડિસેમ્બર ૨૦૧૯ના પરામર્શમાં વધુ ન્યાયસંગત વિતરણ માટે ઉપ-શ્રેણીઓને ત્રણ વર્ગોમાં વિભાજિત કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો, જેમાં લાભ વિનાના સમુદાય, આંશિક લાભ અને અધિકતમ લાભ. પરંતુ ડેટા ગેપ અને ઓબીસી પ્રતિનિધિત્વ પર સીમિત જાણકારીને કારણે પડકારો ઊભા રહ્યા. મંડલ કમિશનને લાગુ કરાયા બાદ દેશની ઓબીસી જાતિઓને અનામતના દાયરામાં લાવવામાં આવી હતી. ઓબીસીને ૨૭ ટકા અનામત નિર્ધારિત કરવામાં આવી હતી, પરંતુ તે લાગુ થયા બાદ પણ ઓબીસીની ઘણી જાતિઓ અનામતના લાભથી વંચિત રહી ગઈ હતી. એવામાં ઓબીસીમાં સામેલ જાતિઓમાં અનામતનો સમાન લાભ પહોંચાડવા માટે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે ૨૦૧૫માં ઓબીસી અનામતને ત્રણ હિસ્સામાં વહેંચવાની ભલામણ કરી હતી.

**ક્યારેક ક્યારેક આવા સંજોગોમાં કરેલી ભૂલ કે નાદાની કોઈ એકનું જીવન બરબાદ કરી નાખે છે, અને જીંદગીભર એનો ડંખ રહી જાય છે**

# ખાસ કરીને યુવાનોને આ ચોમાસાની ઋતુ બેકાબુ બનાવે છે, અને એ જીંદગીભરની ભૂલ કરી બેસે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજકાલ તો આ ગ્લેમર અને ફિલ્મમાં દર્શાવાતા તડકતા ભડકતા વરસાદી માહોલ ના હિરો હિરોઈનો ના ગીતોને કારણે હવે ટીનેજ મા જ યુવાની આવી જાય છે, એટલે કામના ના કીચડમાં લપસી જવું એ કોઈ નવી વાત નથી, રાજકપૂરજી એ પણ "બરસાત કી રાત", એવી ફિલ્મ બનાવીને ફિલ્મમાં રોમેન્ટિક ગીત પીરસ્યા હતાં.**

ચોમાસાની ઋતુ જામતી જાય છે, અને સૌનાં મન પણ ઋતુ પ્રભાવને કારણે કંઈક મીઠી મીઠી ભીનાશ અનુભવી રહ્યા છે. એમાં પણ ખાસ કરીને યુવાનો ને આ ઋતુ બેકાબુ બનાવે છે. પોતાના સાથીની યાદ તેના અંતરમાં તીવ્ર બને છે. આજકાલ તો આ ગ્લેમર અને ફિલ્મમાં દર્શાવાતા તડકતા ભડકતા વરસાદી માહોલ ના હિરો હિરોઈનો ના ગીતોને કારણે હવે ટીનેજ મા જ યુવાની આવી જાય છે, એટલે કામના ના કીચડમાં લપસી જવું એ કોઈ નવી વાત નથી. રાજકપૂરજી એ પણ "બરસાત કી રાત", એવી ફિલ્મ બનાવીને ફિલ્મમાં રોમેન્ટિક ગીત પીરસ્યા હતાં. એમાં પણ વિજાતીય આકર્ષણનો ભાવ યુવાની માણી લેવા વારેવારે ઉશ્કેરે એવાં સંજોગો ઉપસ્થિત થાય ત્યારે તો ભલભલાના ઈમાન ડગમગી જાય છે. ઉપરથી આજકાલ પાશ્ચાત્ય સંસ્કૃતિ અસર આપણા સમાજ પર અજગર એ ભરડો લીધો હોય એમ એની અસર તળે અમુક વાત જે ખોટું ગણાતું એ સાવ સામાન્ય થઈ ગયું છે, અને યુવક યુવતી બંનેને એમાં કંઈ ખોટું લાગતું નથી! પણ બધા એવા નથી હોતાં અને એમાં પણ ગામડા ગામની યુવતીઓ આ કલ્ચર થી ઘણી દૂર છે! ક્યારેક ક્યારેક આવા સંજોગોમાં કરેલી ભૂલ કે નાદાની કોઈ એકનું જીવન બરબાદ કરી નાખે છે, અને બીજા ને જીંદગીભર એનો ડંખ રહી જાય છે. આવી જ એક વાત આજ બુધવારે બોધકથા માં. કશ્યપ વિદેશમાં પોતાના એપાર્ટમેન્ટ ની બાલ્કની માં બેઠો હતો, અને બહાર વરસાદ પડી રહ્યો હતો, અને કશ્યપ ના દિલની જલન વધી રહી હતી, અને આ વરસાદ સાથે એક કડવી યાદ જોડાયેલી હતી. આટલા વર્ષો થયા પણ એ ડંખ હજી ભૂલાયો ન હતો.વર્ષો પહેલા જ્યારે એ કોલેજમાં ભણતો હતો અને એન્જિનિયરિંગ કોલેજમાં રીડિંગ વેકેશન પડ્યું, અને નાનાજી ની તબિયત ખરાબ થતા મમ્મી સાથે તેના ગામ બેલાપુર ગયો. બેલાપુર અત્યંત સોહામણું ગામડું હતું, અને સમૃદ્ધ પણ ખરું ખેતરો પાકથી લહેરાતા હતા. ગામના પાદરમાંથી એક નદી જતી હતી, ત્યાં એક શંકરનું મંદિર હતું. અને પહાડની ટેકરી પણ હતી. એટલે કુદરત જાણે પૂર્ણ પણે ત્યાં આગળ વસી હતી એવું રળિયામણુ હતું. કશ્યપ ને અહીં બહુ જ ગમી ગયું હતું, તે દૂર દૂર સુધી બાઈક ઉપર ફરવા જતો હતો. આવી જ એક વરસાદી સાંજે તે હાઈવે પરથી પાછો ગામ આવી રહ્યો હતો, ત્યારે



રસ્તામાં એક ગામડાની યુવતીએ લીફ્ટ માંગી, તેણે હાથ અને પોતાની ચુદંડી નો ઈશારો કરી બાઈક ઉભી રખાવી. કશ્યપ કંઈ સમજ્યો નહીં, અને તેણે બાઈક ઉભી રાખી. બાઈક ઊભી રહી એટલે તરત જ તે પેલી યુવતીને ઓળખી ગયો. તે ગામમાં રહેતા વાળંદની દિકરી હતી. તેનું નામ કંગના હતું, પણ તે બોલી શકતી ન હતી. દેખાવે તે અત્યંત સુંદર નહીં, પણ રૂપાળી અવશ્ય કહી શકાય એવી હતી. અને આ વરસાદને કારણે તે આખી ભીંજાઈ ગઈ હતી. તેના પિતા એટલે કે કરસન ભાઈ ને વાઈ આવવા ની બીમારી હતી,એટલે વૈદ પાસે દવા લેવા ગઈ હતી અને એમાં ઓચિંતાનો વરસાદ આવી જતા તે આ રીતે અધવચ્ચે ફસાઈ ગઈ હતી. કશ્યપ એ કંગના ના ભીના ભીના અંગો જોયા, અને તેના મનની વાસનાનો કીડો સળવળ્યો. એમાં પણ કંગના તો બોલી પણ શકતી ન હતી એટલે તેણે આ તકનો લાભ લેવા વિચાર્યું. જુવાનીનો સાપ જ્યારે ડંશે, ત્યારે ભલભલા ના હોશ બેકાબૂ થઈ જાય છે. કશ્યપ આમ એવો યુવક ન હતો, પણ ત્યારે તેને કંગના ના રુપ આગળ બીજું કંઈ સૂઝ્યું નહીં. અને એ કંગનાને એક ખેતરમાં લઈ ગયો, પછી પોતાના મનની મેલી મુરાદ..... કંગનાને ત્યાં રડતી તડપતી તરછોડી તે પોતાના ઘરે ચાલ્યો આવ્યો.વાસના શાંત થતા તેને પોતાની ભૂલ સમજાય અને ખૂબ જ પસ્તાવો પણ થયો તેને થયું કે સવારે ઉઠી અને પહેલું કામ તે વાળંદ ના ઘરે જઈ અને કંગના નો હાથ માંગવાનું કરશે અને તેની સાથે લગ્ન કરી પોતાની ભૂલ સુધારશે.આવો એક સુંદર વિચાર કર્યો ને ત્યારે માંડ તેનો જીવ શાંત થયો. પછી તેને થોડીવાર નીંદર આવી. સવારે અત્યંત શોર બકોર થતા જ તે જાગી ગયો, અને તે ઝડપથી બહાર નીકળ્યો તો મમ્મી અને નાની મા વાત કરતા હતા કે પેલા કરસન વાળંદની જુવાન દીકરી કંગનાએ આત્મહત્યા કરી લીધી, વૈદ્ય ના ઘરેથી દવા લઈને આવતા કોઈ ઝેરી કાળોતરો ભરખી ગયો. કશ્યપ ને શું બોલવું તે સૂઝ્યું નહીં.પણ હવે શું! તે ખૂબ જ દુખી થઈ ગયો અને અત્યંત ઉદાસ રહેવા લાગ્યો. એટલે મમ્મી ને એમ થયું કે હવે તેને શહેરમાં જવું છે આથી તેને શહેરમાં જવાની છૂટ આપી ને આમ એ પણ હવે વેકેશન પૂરું થવા આવ્યું હતું. પછી તો તે એન્જિનિયર પણ બની ગયો, અને ક્યાંય ચેન ન મળતા હવે અહીં વિદેશમાં સેટ થયો, હોવા છતાં આ વરસાદી સાંજ તેને ક્યાંય જંપ લેવા દેતી નથી.તેણે આજીવન લગ્ન ન કરવાનો સંકલ્પ કર્યો, પણ તેથી શું! કંગનાનો જીવ તો પાછો નહીં જ આવે!! એ ડંખ તેના મનમાંથી જતો જ નથી. ગમે તેટલું કરે પણ આ પાપ નો બોઝ તેને ક્યાંય ચેન લેવા દેતો નથી. આજે પણ આ વરસાદ.... થોડીવારમાં એનાં ફ્લેટની બેલ વાગી અને એનો ખાસ મિત્ર મૌલિક એની ગર્લફ્રેન્ડ ને લઈને આવ્યો, અને આજની રાત અહીં રોકાશે એવું કહ્યું! એનાં હાથમાં વિસ્કીની બોટલ પણ હતી, કશ્યપ સમજી ગયો કે એનાં મિત્ર મૌલિકનાં મનમાં પણ એ જ વાત છે, અને આ યુવતી પણ એ જ ઉંમરની છે. પણ કદાચ યુવતીની પણ ઈચ્છા હશે! એટલે તો સાથે આવી છે! એ જે હોય તે મારે એને અહીં રહેવાની પરમિશન આપવી જોઈએ નહીં! પોતે પોતાની સ્ટોરી કહીને આ લોકોને સમજાવશે એવું નક્કી કર્યું, અને કહ્યું કે રાત તો નહીં રોકાઈ શકો કારણ કે મારે જ બહાર જવાનું છે પણ અત્યારે અંદર આવો બેસો. કશ્યપે મૌલિક ને સંબોધીને પોતાની વાત કહી અને આજ સુધી એ ડંખ એને તડપાવે છે એ પણ કહ્યું! એક નાદાન યુવતી એ પોતાને કારણે આત્મ હત્યા કરવી પડી! એ કોઈ નાની વાત નથી, માટે કહું છું કે આ રીતે.... બંને જણાં સમજી ગયા!: પેલી યુવતીએ કહ્યું કે તમારે આમાં થી બહાર આવવું હોય તો એક માર્ગ છે! મારી એક સખી કે જે બિલકુલ એ જ હાદસાનો ભોગ બનીને અત્યારે પ્રેગ્નન્ટ છે! એની સાથે લગ્ન કરીને તમે... ઈત્તેફાકની વાત એ હતી કે એનું નામ પણ કંગના હતું અને એ પણ એક ગામડાની રહેવાસી હતી. કશ્યપે એની સાથે લગ્ન કરી એ બાળકને પોતાનું નામ આપી,પોતાની ભૂલ સુધારવા પ્રયત્ન તો કર્યો પણ એણે આત્મહત્યા કરી! એ વાત એનાં મનમાંથી જતી નથી.

**દુર્યોધન વિદુરજીને કહે છે, તું દાસી પુત્ર મારુંજ અખાઇને મારીનિંદા કરે છે? મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?**

# આપણી જરૂરિયાત ઓછી કરો તો પાપ ઘટશે અને જો જરૂરિયાત વધારશો તો પાપ વધશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**અતિ સાત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે, સાત્વિક આહાર વિનાસહન શક્તિ આવતી નથી, વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે, તમે બાર મહિના ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે, તેલ મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે, આ જીવનોએવો સ્વભાવ છે કે, એને જે મળ્યું છેતેમાં સંતોષ નથી, વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વરનું આરાધન કર્યું છે.**

લોનાવાળામાં એક પરિવાર નદી ડેમના વહેણમાં સેલ્ફી લેવાના મોહમાં આખો પરિવાર મોતના મુખમાં ધકેલાયો. આખા પરિવાર માં કોઈ સમજુ માણસ ન હતો કે આ ચોમાસાની સિઝનમાં નદી ડેમ વોકળામાં જ્યાં વહેણ અને અજાણી જગ્યા હોય ત્યાં ન જવાય.. લોકોની મોબાઈલ સેલ્ફી અને તેને વાઈરલ કરવાની ઘેલસા એવી વધી છે કે ઘરનું પગથિયું ઉતર્યા ત્યારેથી બધું જ સ્ટેટસમાં મૂકવું છે..અમુક વધુ પડતી ઘેલસા જરૂરિયાત સારી નહી આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કંઈક આવું જોઈએ. પાપનો બાપ છે લોભ અને પાપની મા છે મમતા. લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધનને કાને વાત આવી કે,વિદુર કાકા અમારી વિરુદ્ધ વાતો કરતા હતા. તરત દુર્યોધને વિદુરજીને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું. યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે? ત્યારે યુધિષ્ઠિર કહે છેકે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે. દુર્યોધન વિદુરજીને કહે છે, તું દાસી પુત્ર મારુંજ અન્ન ખાઈને મારીનિંદા કરે છે?મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે? વિદુરજી એવા ધીર ગંભીર છેકે, તે નિંદા સહન કરે છે. સભામાં નિંદા સહન કરેતે સંત.સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત.તે ભગવાનનો અવતાર છે. વિદુરજીમાં એવીશક્તિ હતી કે,આંખ ઊઘાડીને દુર્યોધન સામે જુએતો દુર્યોધન બળીને ખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી.શક્તિનો દુરુપયોગ કરે તે દૈત્ય. સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો.કેટલીક સાસુઓ વહુ ઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે,હું વહુ કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે. વિચાર કરો વહુ કરતા સાસુ મોટી નથી. બંને સમાન વયનાં છે. સાસુ-વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે.જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બની છે. કોઈ જીવને અવગણશો નહીં. વિદુરજીએ જેવું બાર વર્ષ તપ કર્યું તે પ્રમાણે કરશો,તો સહન કરવાની શક્તિ આવશે. અતિ સાત્ત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે.સાત્ત્વિકઆહાર વિનાસહન શક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે. તમે બાર મહિના



ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે. તેલ મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે.આ જીવનોએવો સ્વભાવ છે કે, એને જે મળ્યું છેતેમાં સંતોષ નથી. વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વરનું આરાધન કર્યું છે. અપમાનથી વિદુર જી ગ્લાનિ પામતા નથી. સભામાં દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તેમ છતાં ગુસ્સે થયા નથી. વિદુર કાકાએ એકલી ભાજી ખાધેલીને? જીવનમાં સુખી રહેવું હોયતો'કમ ખાઓ અને ગમખાઓ મનુષ્યને બધું ખાતાં આવડે છે, ફક્ત ગમ ખાતાં આવડતું નથી. તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે,મારા પાપને તે ધૂએ છે. કેટલાક ને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી. આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઈને છોડયો નથી. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો. નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો.વિદુરનું અપ માન કરવામાં આવ્યું તો પણ તેમાં તેઓ પ્રભુની કૃપાનો અનુભવ કરાવે છે. વિદુરજી કહે છે કે, દુર્યોધન મારી નિંદા કરતો નથી, પણ દુર્યોધનના અંતરમાં રહેલા નારાયણ મને કહે છે કે, કૌરવોનો કુસંગ તું છોડી દે. મહાપુરુષ નિંદામાંથી પણ સાર કાઢે છે. સારી વસ્તુમાં સારું દેખાય એ સાધારણ વૈષ્ણવ, પણ જેને ખરાબમાં પણ સારું તત્ત્વ દેખાય એ ઉત્તમ વૈષ્ણવ છે.પ્રતિકૂળ પરિ સ્થિતિમાં વૈષ્ણવ પ્રભુનો અનુગ્રહ જ જુએછે.કૌરવોના મંડળમાં વિદુરજી વિરાજે તો કૌરવોનો વિનાશ થાય નહીં એટલે પ્રભુ વિદુરજીને ત્યાંથી જવાની પ્રેરણા કરે છે. રામાયણમાં રાવણે વિભિષણનું અને ભાગવતમાં દુર્યોધને વિદુરજી નું અપમાન કરેલું.આ પ્રમાણે સંતો ના અપમાનથી તેઓનો નાશ થયો. ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય,તો તે ઘરના માણસોનું કોઈ અહિત કરી શકતું નથી. વિદુરના જવાથીકૌરવોનો નાશ થયો. વિભિ ષણના જવાથી લંકાના રાક્ષસોનો નાશ થયો.દુર્યોધને નોકરોને હુકમ કર્યો કે,આ વિદુરજીને ધક્કો મારી ને બહાર કાઢો સેવકો ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં વિદુરજીએ સમજીને ઘરનો ત્યાગ કર્યો. વિદુર જી છત્રીસ વર્ષ સુધી યાત્રા કરવા માટે નીકળ્યા છે, પણ સાથે કાંઈ લીધું નથી. આજકાલ તો લોકો છત્રીસ દિવસ અરે, છત્રીસ કલાક ની જાત્રાએ નીકળે તો છત્રીસ ચીજવસ્તુઓ સાથે પોતાની જરૂરિયાતનું મોટું હતી કાળજી રાખે છે. જરૂરિયાત ઓછી કરો તો પાપ ઘટશે અને જો જરૂરિયાત વધારશો તો પાપ વધશે. પ્રાપ્ત સ્થિતિમાં અસંતોષ મનુષ્યને પાપ કરવા પ્રેરે છે. તેથી તા કહ્યું છે કે, પાપના બાપ લોભ છે જે કોઈ પાપ કરતો નથી તે મહાન પુણ્ય કરી રહ્યો તેથી ઈન્દ્રિયોને પ્રતિકૂળ વિષયોમાંથી હટાવી અનુકૂળ વિષયમાં જોડીદેવી એનું નામયાત્રા તીર્થયાત્રા તેની સફળ થાય કે, જે તીર્થ જેવો પવિત્ર થઈને ઘરે આવે છે. બાકી તો અનેકવાર પાપ ભેગું કરીને મનુષ્ય જાત્રામાંથી આવે છે. માટે યાત્રા વિધિપૂર્વક કરવી. યાત્રા ઉપર જતાં પહેલાં આજથી હું બ્રહ્મચર્ય પાળીશ, આજથી ક્રોધ નહીં કરું, આજથી જૂઠું નહીં બોલું આજથી વ્યર્થ ભાષણ નહીં કરું.' એવી પ્રતિજ્ઞાઓ કરવી પડે છે. આવી પ્રતિજ્ઞાઓ લીધા પછી જાત્રા ની શરૂઆત કરવી જોઈએ. આજકાલ તો પૈસા ખૂબ વધે એટલે પૈસાદાર લોકો જાત્રાને બહાને ફરવા નીકળી પડે છે. એવી રીતે તો કાગડો પણ કાશી અને મથુરા જઈ આવતો હશે. તીર્થયાત્રામાં બ્રાહ્મણોની નિંદા ન કરો. બ્રાહ્મણ પ્રત્યે સદભાવ ન હોય તો તીર્થયાત્રા ફળતી નથી. ગુરુનું અપભ્રંશ છે ગોર. તીર્થના ગોરને નોકર ગણો. તીર્થમાં વિધિ પૂર્વક સ્નાન કરો. મહાપ્રભુજી દુઃખથી બોલ્યા છે કે, અતિશય વિલાસી અને પાપી લોકો તીર્થમાં રહેવા લાગ્યા, તેથી તીર્થનો મહિમા લુપ્ત થયો. યાત્રા કરવા નીકળ્યો ત્યારે વિદુરજી સાથે શું લઈ ગયેલા? કાંઈ નહીં. ફક્ત કૌરવોનું પુણ્ય લઈને નીકળ્યા છે. કૌરવોનું જેટલું પુણ્ય હતું તે લઈને ગયા છે. કારણ કૌરવોએ તેનું અપમાનનિંદા કરેલાં તમારી કોઈ નિંદા કરે અનેતે સહન કરશો તો તમારું પાપ તેના માથે જશે અને તેનું પુણ્ય તમને મળશે. જે દિવસે જે તીર્થમાં જાવ ત્યાં ઉપવાસ કરજો. ઉપવાસ કરવાથી શરીરની શુદ્ધિ થાય છે, પાપ બળે છે, શરીરમાં સાત્ત્વિક ભાવ જાગે છે. વિદુરજી દરેક તીર્થ માં ઉપવાસ કરે છે અને વિધિપૂર્વક સ્નાન કરે છે.યાત્રા કેવી રીતે કરવી તે વિદુરજીએ બતાવ્યું છે.યાત્રાએ નીકળેલા વિદુરજી અવધૂતવેષમાં પૃથ્વી ઉપર ફરતા હતા કે જેથી સગાં સંબંધીઓ તેમને ઓળખે નહીં. તેઓ શરીરને શણગારતા ન હતા. પવિત્ર અને થોડું ભોજન કરતા, પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા, ભૂમિ ઉપર શયન કરતા,અને ભગવાનને પ્રસન્ન કરનારાં વ્રતો તેઓ કરતા સંતો તીર્થો ને પાવન કરે છે.ભારદ્વાજ મુનિ ગંગા સ્નાન કરવા આવે ત્યારે ગંગાજી પચીસ પગથિયાં ઉપર આવે છે. ગંગાજી જાણે છે કે બીજાઓ મારામાં પાપ નાખવા આવે છે, ત્યારે આ મુનિ પાવન કરવા આવે છે.તીર્થયાત્રાએ જવું છે?તો જાઓ! દ્વારિકાધીશ નાં દર્શન કરજો.બેટ દ્વારિકાની ભગવાનની મૂર્તિ મનોહર છે. સ્વરૂપ અદ્ભુત છે. જોતાં મન ધરાતું નથી. કાશીનું માહાત્મ્ય પણ ઘણું છે. કાશીના પ્રમુખ દેવ છે ભૈરવનાથ. વિશ્વેશં માધવં ઢુંઢિ દંડપાણિ ચ ભૈરવમ્ આ શ્લોક રોજ બોલે તો કાશીમાં રહ્યાનું ફળ મળે છે. કાશીમાં નવ માસ રહે તો પુનર્જન્મ થતોનથી.કાશીના મણિક ર્ણિકા ઘાટ ઉપર આ શ્લોક લખ્યો છે. અહીં મરણ મંગલ છે. અહીં જીવન સફળ છે. સ્મશાનએ જ્ઞાન ભૂમિ છે.દિવસમાં બેચાર વખત સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે.કલ્પના કરો, હું કાશીમાં છું. અહીંથી મનથી જ ગંગાજીમાં ડૂબકી મારો. કળિયુગમાં મનથી સત્કર્મ કરે તો પણ પુણ્ય મળે છે. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી મેઘરાજાએ ધમાકેદાર આગમન રાજયમાં કેટલાક વિસ્તારોમાં કર્યું છે ત્યારે સૌ કાળજી રાખી સલામત રહે તેવી આશા સહ અસ્તુ.

ફિલ્મના એક્શન સીનમાં અનેક હેલિકોપ્ટર પણ જોવા મળશે

# ૧૨૦૦ ક્રૂ સભ્યો સાથે અક્ષય કુમાર એક મહિનો કાશ્મીરમાં શૂટિંગ કરશે

**અક્ષય કુમારની બિગ બજેટ ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું શૂટિંગ મુંબઈમાં શરૂ થયું હતું**



પ્રોડક્શન હાઉસ ખોટમાં, અક્ષય કુમારે હિંમત બતાવી

અક્ષય કુમારની બિગ બજેટ ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું શૂટિંગ મુંબઈમાં શરૂ થયું હતું. મુંબઈમાં શીડ્યુલ પૂરું થયા બાદ અક્ષય અને સમગ્ર ટીમ કાશ્મીર જવાની તૈયારી કરી રહી છે. કાશ્મીરમાં ૧૨૦૦ ક્રૂ સભ્યો સાથે શૂટિંગ કરવામાં આવશે અને આ શૂટિંગ એક મહિનો લાંબું ચાલશે. આ શીડ્યુલમાં એક્શન સીક્વન્સ અને ગીતો તૈયાર કરવામાં આવશે. અહેમદ ખાનના ડાયરેક્શનમાં ફિરોઝ એ. નડિયાદવાલા 'વેલકમ ટુ ધ જંગલ'ને પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મને એક્શન અને મનોરંજનથી ભરપૂર રાખવાની સાથે કમ્પલિટ હિન્દી મસાલા ફિલ્મ બનાવવાનો પ્રયાસ છે અને તેથી ગીતોને પણ મહત્ત્વ અપાયું છે. ફિલ્મના ગીતો અને એક્શન સીક્વન્સના શૂટિંગ માટે કાશ્મીરના લોકેશન પસંદ કરવામાં આવ્યા છે. તેમાં ક્રૂના ૧૨૦૦ સભ્યોની મદદથી ૨૫૦ લશ્કરી જવાન, ૩૫૦ સરકારી કર્મચારી, ૩૦૦ કાશ્મીરી લોકલ બતાવવામાં આવશે. ફિલ્મના એક્શન સીનમાં અનેક હેલિકોપ્ટર પણ જોવા મળશે. મુંબઈ ખાતે શૂટિંગ દરમિયાન 'વેલકમ ટુ ધ જંગલ'ના એક સીન માટે ૨૦૦ ઘોડા અને ઘોડેસવાર બોલાવાયા હતા. લોનાવાલા, મહાબળેશ્વર સહિત અનેક સ્થળેથી ઘોડા ભેગા કરીને એક્શન સીન શૂટ થયો હતો.

**પૂજા એન્ટરટેઈનમેન્ટ પ્રોડક્શનની બડે મિયાં છોટે મિયાં પણ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી**




**છેલ્લા કેટલાક અઠવાડિયાથી, પૂજા એન્ટરટેઈનમેન્ટના નાણાકીય નુકસાનના સમાચારોએ વેગ પકડ્યો છે. આખરે નિર્માતા જેકી ભગનાનીએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે. તેમણે આ સમાચારોને સાચા ગણાવ્યા છે. જેકીએ કહ્યું કે અક્ષય કુમારે મુશ્કેલ સમયમાં તેમનો ઘણો સાથ આપ્યો છે. તેની હિંમતને કારણે તે આત્મવિશ્વાસ પાછો લાવવામાં સફળ રહ્યો છે. અક્ષયે પ્રોડક્શન કંપનીના ક્રૂનો પગાર ચૂકવવા માટે તેની ફી પણ રોકી દીધી છે. તે જાણીતું હતું કે પૂજા એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ બનેલી છેલ્લી કેટલીક ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો હતો.**

બંને ફિલ્મો ઓક્ટોબરમાં દશેરાના દિવસે રિલીઝ થશે

# ફિલ્મ 'કંગુવા' અને 'જિગરા' વચ્ચે ટક્કર




સુરિયા દ્વારા તેની જબદસ્ત એક્શન દંતકથા આધારિત ફિલ્મ 'કંગુવા'ની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. 'કંગુવા' સિવા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ એક એવી કાલ્પનિક કથા છે, જેમાં ટાઈમ ટ્રાવેલની વાત છે. ખાસ કરીને તેના પ્રોમોમાં દેખાતાં વીએફએક્સ અને યુદ્ધના દ્રશ્યોને દર્શકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. હવે આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. તેનાથી જાહેર થયું છે કે આ ફિલ્મ અને આલિયાની 'જિગરા' વચ્ચે ક્લેશ થવાનો છે. સુરિયાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યું હતું, જેમાં તે હાથમાં તલવાર લઈને યોદ્ધાનારોલમાં જોવા મળે છે. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, ''સિનેમામાંપ૧૦-૧૦-૨૦૨૪ વર્લ્ડવાઈડ.'' આ પોસ્ટ અને ટ્વીટર પર પણ તેમને ફેન્સનો ઘણો સારો પ્રતિસાદ આપ્યો હતો, એક યુઝરે લખ્યું હતું,''ફરી એક વખત, રાજાએ ફરી તેનું સિંગાસન હાથમાં લઈ લીધું છે. કંગુવા બોક્સ ઓફિસના બધા જ રેકોર્ડ તોડી નાખશે અને કોલિવુડની પહેલી ૧૦૦૦ કરોડની ફિલ્મ બનશે.'' આલિયાની 'જિગરા' પણ ૧૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. તેથી આ બંને ફિલ્મો વચ્ચે ક્લેશ થશે. આ આલિયા ભટ્ટના ઈટર્નલસન શાઈન પ્રોડક્શન અને કરણ જોહરના ધર્મા પ્રોડક્શન દ્વારા કો પ્રોડ્યુસ કરેલી ફિલ્મ છે. 'જિગરા' વાસન બાલા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તેમાં વેદાંગ રૈનાનો પણ મહત્વનો રોલ છે. જ્યારે 'કંગુવા' માં સુરિયાનો ડબલ રોલ છે અને આ ફિલ્મમાં બબી દેઓલ ઉધિરન નામના વિલનના રોલમાં જોવા મળશે. ફિલ્મના ટીઝરમાં દિલધડક એક્શન સીનની ઝલક મળે છે. આ ફિલ્મ સાથે દિશા પટાણી તમિલ ફિલ્મમાં ડેબ્યુ કરશે. તે ઉપરાંત આમાં નટરાજન સુબ્રમણિયન, જગપતિ બાબુ, યોગી બાબુ, રેડિન કિંગ્સ્લે, કોવાઈસરલા, આનંદરાજ, રવિ રઘુવેન્દ્ર, કે.એસ. રવિકુમાર અને બી.એસ. અવિનાશ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ થ્રીડી અને આઈમેક્સમાં રિલીઝ થશે.

વર્ષો પછી શર્મિલા ટાગોરે કર્યો મોટો ખુલાસો

# પટૌડી પરિવારના નવાબ-ક્રિકેટર સાથે લગ્ન, નિકાહનામામાં હતી આ સ્થિતિ

પીઢ અભિનેત્રી શર્મિલા ટાગોરે પટૌડી પરિવારના નવાબ-ક્રિકેટર મન્સૂર અલી ખાન ઉર્ફે ટાઈગર પટૌડી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ હોવા છતાં, તેમના લગ્ન પ્રમાણપત્રમાં એક અનોખી શરત હતી. અભિનેત્રીએ વર્ષો પછી આ વાતનો ખુલાસો કર્યો છે. શર્મિલાએ કહ્યું કે તે શરત શું હતી. જોકે આ કહેતી વખતે તે પણ હસી પડી હતી. વકીલ અને રાજકારણી કપિલ સિબ્બલને આપેલા તાજેતરના ઈન્ટરવ્યુમાં, શર્મિલા ટાગોરે તેમના લગ્ન, ક્રિકેટ અને તેમની ફિલ્મોની હિટ-ફ્લોપ વિશે વાત કરી. અભિનેત્રીએ જણાવ્યું કે તે શરૂઆતથી જ ક્રિકેટ અને ફિલ્મોની વચ્ચે કેવી રહી છે. તે સમયગાળા દરમિયાન તેઓ સૌથી પ્રેમાળ કપલ હતા. આજના યુગમાં અભિનેત્રીઓને પોતાના ક્રિકેટર પતિની મેચ જોવાની અને મેદાનમાં સામેલ થવાની આઝાદી છે, પરંતુ શર્મિલા વિશે વાત કરીએ તો તે તેના વિશે વાત પણ કરી શકતી નથી. શર્મિલાએ ઈન્ટરવ્યુમાં આ વાતની મજાક ઉડાવી અને કહ્યું- ઈન્ડસ્ટ્રી સતત ઝડપથી બદલાઈ રહી છે. અહીં નાના બજેટની ફિલ્મોને પણ



દર્શકો મળી રહ્યા છે, જો તેની વાર્તા સારી હોય. હું ક્રિકેટ પર વાત કરવા માટે લાયક નથી. તે મારા લગ્ન કરારનો એક ભાગ હતો કે તમે ક્યારેય ક્રિકેટ વિશે વાત કરી શકતા નથી. શર્મિલાએ મજાકમાં કહ્યું હતું કે તે ક્રિકેટની ચર્ચા નથી કરી શકતી કારણ કે તેના પર પ્રતિબંધ છે. આ સાથે જ ફિલ્મો વિશે વાત કરતા શર્મિલાએ કહ્યું- ક્રિએટિવ શબ્દ પોતાનામાં ખૂબ જ સમસ્યારૂપ શબ્દ છે.



મન્સૂર અલી ખાન ઉર્ફે ટાઈગર પટૌડી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા

'કલ્કિ ૨૮૯૮ એડી' ૨૭ જૂને ગ્લોબલ રિલીઝ થઈ હતી

# કલ્કિની સીક્વલ ૬૦ ટકા શૂટિંગ પૂર્ણ થયું

**પ્રભાસની સાથે દીપકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન લીડ રોલમાં છે**

'કલ્કિ ૨૮૯૮ એડી'માં પ્રભાસની સાથે દીપકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન લીડ રોલમાં છે. કલ્કિના સુપ્રીમ યાસ્કિન (કમલ)ને લાંબા સમયથી એક ઔષધિ જોઈતી હતી, જે તેમને મળી જાય છે, જેના કારણે પ્રોજેક્ટ કેનો માર્ગ સરળ બને છે. અશ્વત્થામા (અમિતાભ)ને ભૈરવ અંગેની ગેરસમજ દૂર થાય છે અને સીક્વલમાં પ્રેગનન્ટ સુમ-૮૦ (દીપિકા)ના લીડ રોલનો પાયો નંખાઈ ચૂક્યો છે. ફિલ્મના અંતમાં 'કલ્કિ ૨૮૯૮ એડી'નું સિનેમેટિક યુનિવર્સ આગળ ધપવાનું એલાન થાય છે. ફિલ્મના ડાયરેક્ટર નાગ અશ્વિને ઈન્સ્ટાગ્રામ લાઈવમાં પ્રભાસ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, પાર્ટ ૨નું કામ પૂરું થવામાં ત્રણ વર્ષનો સમય લાગી શકે છે. પ્રોડ્યુસર અશ્વિની દત્તે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, સીક્વલનું ૬૦ ટકા શૂટિંગ પૂરું થયું છે. કેટલાક મહત્ત્વના સીન હજુ



બાકી છે અને રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી. કલ્કિમાં પ્રભાસ કરતાં વધારે વખાણ કમલ હાસનના થઈ રહ્યાં છે. આ ફિલ્મમં તેમનો સ્ક્રિન ટાઈમ ઓછો છે, પરંતુ પાર્ટ ૨માં તેમનો રોલ વધારે લાંબો હોવાના અણસાર આપી દેવાયા છે. કમલ હાસને ચેન્નાઈ ખાતે જણાવ્યું હતું કે, કલ્કિમાં તેમણે થોડીક મિનિટનો નાનો રોલ કર્યો છે. ફિલ્મમાં તેમના જોડાણની આ શરૂઆત છે. બીજા પાર્ટમાં વધારે મોટો રોલ જોવા મળશે. તેથી આ ફિલ્મને તેમણે પણ અન્ય દર્શકોની જેમ જોઈ છે અને સરપ્રાઈઝમાં મૂકાયા છે. સાઉથના એક્ટર દુલકર સલમાનનો નાનો, પણ મહત્ત્વનો રોલ છે. દુલકરે કેપ્ટનનો રોલ કર્યો છે અને સીક્વલમાં તેમનો રોલ પણ મોટો રહેવાની શક્યતા છે. ૨૭ જૂને રિલીઝ થયેલી આ ફિલ્મે ત્રણ દિવસમાં ગ્લોબલ બોક્સઓફિસ પર રૂ.૪૧૫ કરોડનું કલેક્શન મેળવી લીધું છે. રવિવારે રજાનો દિવસ હોવાથી રિલીઝના ચોથા દિવસે તેને રૂ.૧૦૦ કરોડથી વધુનું કલેક્શન મળવાનો અંદાજ છે. આમ, માત્ર ચાર જ દિવસમાં રૂ.૫૦૦ કરોડના ગ્લોબલ બોક્સઓફિસ કલેક્શન સાથે 'કલ્કિ ૨૮૯૮ એડી'એ વર્ષની સૌથી વધુ સફળ ફિલ્મ બનવા આગેકૂચ શરૂ કરી છે. પહેલો પાર્ટ સફળ રહે તો તેની સીક્વલ બનવાનું સ્વાભાવિક છે. ફિલ્મ મેકર્સે પણ તેનું આગોતરું આયોજન કરી રાખ્યું છે ત્યારે 'કલ્કિ ૨૮૯૮ એડી' જોનારા ઓડિયન્સમાં સીક્વલ અંગે અટકળો શરૂ થઈ ગઈ છે.

દર્શનની હત્યા કેસમાં ધરપકડ બાદ હજુ જામીન મળ્યા નથી

# જીવન આધારિત ફિલ્મ બનાવવાની હિલચાલ

કન્નડ ફિલ્મ સ્ટાર દર્શનની હત્યા કેસમાં ધરપકડ બાદ હજુ જામીન મળ્યા નથી. સોશિયલ મીડિયાથી અંગત જીવનમાં દખલ કરનારા ફેનની હત્યા કરાવી હોવાનો દર્શન પર આરોપ છે. દર્શનની નિકટની મિત્ર પવિત્રા ગૌડાને મૃતક રેણુકા સ્વામીએ અભદ્ર મેસેજ કર્યા હતા અને તેનાથી ગુસ્સે ભરાઈ દર્શને હત્યા કરાવી હોવાનો આરોપ છે. ફિલ્મી સ્ટોરીની ટક્કર મારે તેવો આ કેસ હોવાથી સમગ્ર દેશમાં તેની ચર્ચા થઈ રહી છે ત્યારે



દર્શનના જીવન આધારિત ફિલ્મ બનાવવા માટે ઈન્ડસ્ટ્રીના ઘણાં લોકોને રસ પડ્યો છે. દર્શન મર્ડર કેસ સંબંધિત ફિલ્મોના ટાઈટલમાં ડી-ગેંગ, પટ્ટાનગર શેડ અને કેદી નં ૬૧૦૬ની મંજૂરી માગવામાં આવી હતી. દર્શનને કેટલાક લોકો ડી-બોસ તરીકે ઓળખાવે છે, તેથી ડી-ગેંગ નામથી ફિલ્મ બનાવવાની હિલાચાલ છે. પટ્ટાનગર શેડ નામની જગ્યાએ મર્ડર થયું હતું, જ્યારે દર્શનને જેલમાં કાચા કામના કેદી તરીકે અપાયેલો નંબર ૬૧૦૬ છે. આમ દર્શનની ઓળખને પહેલી નજરે જ સ્થાપિત કરે તેવા નામ સાથે ફિલ્મ બનાવવાની હિલચાલ ચાલી રહી છે. રોકી સોમિલ નામના ફિલ્મ મેકરે ડી-ગેંગ ટાઈટલ રજિસ્ટર્ડ કરાવવા ફિલ્મ ચેમ્બર સમક્ષ માગણી કરી છે.

હપ્તો નહીં ચૂકવવા બદલ તેની કાર પણ લઈ લેવામાં આવી હતી

# શાહરૂખ ખાનની મન્નતમાં અનેક કરોડની કાર પાર્ક



**જૂહીએ જણાવ્યું કે તે સમયે શાહરૂખ પાસે મુંબઈમાં ઘર ન હતું અને તે દિલ્હીથી કામ માટે આવતો હતો**

જૂહીએ જણાવ્યું કે તે સમયે શાહરૂખ પાસે મુંબઈમાં ઘર ન હતું અને તે દિલ્હીથી કામ માટે આવતો હતો. જૂહીને ખબર ન હતી કે તે ક્યાં રહે છે. તેની પાસે માત્ર એક કાર હતી, જેનો હપ્તો સમયસર ચૂકવી ન શકવાને કારણે તે છીનવી લેવામાં આવ્યો હતો. અભિનેત્રી જૂહી ચાવલાએ સુપરસ્ટાર શાહરૂખ ખાનની સફરને એટલી નજીકથી જોઈ હશે જેટલી નજીકથી ઈન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ કોઈ અન્ય કલાકારે જોઈ હશે. ૯૦ના દાયકાની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક જૂહી શાહરૂખની પહેલી સાઈન કરેલી બોલિવૂડ ફિલ્મ 'રાજુ બન ગયા જેન્ટલમેન'ની હીરોઈન હતી. તેણે શાહરૂખ સાથે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યુ અને તેની સાથે પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યુ. આજે પણ, જૂહી શાહરૂખની અન્ય એક સાહસમાં ભાગીદાર છે, તેની આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ. હવે જૂહીએ કહ્યું છે કે એક સમય હતો જ્યારે ઈઁં ના ચૂકવવાના કારણે શાહરૂખની એકમાત્ર કાર પણ છીનવી લેવામાં આવી હતી. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એક ઈવેન્ટમાં પહોંચેલી જુહીએ જણાવ્યું કે તે સમયે શાહરૂખનું મુંબઈમાં ઘર નહોતું અને તે દિલ્હીથી કામ માટે આવતો હતો.

# 'હિન્દુસ્તાની 3'માં કમલ હાસનના ડબલ રોલ, સેનાપતીના પિતાની ભૂમિકા પણ કરશે

**ફિલ્મના ડિરેક્ટર શંકરે ૧૯૯૦ના દાયકાના યુવા સેનાપતી બતાવવા ડીએજીંગ ટેક્નિકનો ઉપયોગ કર્યો**



૨૮ વર્ષે શંકર અને કમલ હાસન ફરી એક વખત 'હિન્દુસ્તાની ૨' લઈને આવી રહ્યા છે. ૧૨ જુલાઈએ રજૂ થનારી આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું ત્યારથી આ ફિલ્મ ઘણી ચર્ચામાં છે. મુંબઈ ખાતે તેની ખાસ ટ્રેલર લોન્ચ ઈવેન્ટ પણ યોજવામાં આવી હતી. આ વખતે કમલ હાસને એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જેમાં તેમણે 'હિન્દુસ્તાની ૩' માટેની શક્યતાની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ સેનાપતીના પિતાની ભૂમિકા પણ કરી રહ્યા છે, પરંતુ એ 'હિન્દુસ્તાની ૨'માં જોવા મળશે નહીં. કમલ હાસને જણાવ્યું હતું કે આ વખતની ભ્રષ્ટાચાર સામે લડત ચલાવતી વાર્તા બે ફિલ્મોમાં વહેંચાયેલી છે, 'હિન્દુસ્તાની ૨' અને 'હિન્દુસ્તાની ૩'. ''મારા મનમાં બંને ફિલ્મ એક જ છે, બેમાં કોઈ ભેદ નથી. જોકે, ઓડિયન્સને 'હિન્દુસ્તાની ૨'ની સેનાપથિની વાર્તા 'હિન્દુસ્તાની ૩'માં આગળ વધતી જોવા મળશે. જેમાં



અનેક સરપ્રાઈઝ રહેલી છે, તેથી તેઓ ઓડિયન્સના પ્રતિભાવો જાણવા ખુબ ઉત્સુક છે.'' ફિલ્મના ડિરેક્ટર શંકરે ૧૯૯૦ના દાયકાના યુવા સેનાપતી બતાવવા ડીએજીંગ ટેક્નિકનો ઉપયોગ કર્યો છે, આ અંગે કમલ હસને કહ્યું,''ડીએજિંગ ટેક્નિકથી પણ વધારે મને સેનાપતીને કહેવાની તક મળી કે હું તારો બાપ છું. એમાં બહુ મજા આવી.જ્યારે બધા સેનાપતીના વખાણ કરતા હતા, ત્યારે હું તેને એમ કહી શકતો હતો કે હું તારો બાપ છું, તું તારા ધંધામાં ધ્યાન આપ. કહેવાની વાત એમ છે કે મેં સેનાપતીના પિતાનો રોલ પણ કર્યો છે, પણ એ ભાગ હજુ 'સેનાપતી ૨'માં નથી.''

## ૧૨ જુલાઈએ રજૂ થનારી આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું

કમલ હસને આગળ કહ્યું કે, ''હવે તમને ખબર પડી ગઈને, કે તમારે ત્રીજો ભાગ પણ જોવો પડશે. હવે તમને સમજાશે, કે મેં 'હિન્દુસ્તાની ૩' કેમ પસંદ કરી, હું જમ્યા પછી મીઠાઈની રાહ જોતો હતો. પણ ત્યાં પ હોંચવા માટે પહેલાં દાળ રોટી તો ખાવા પડે ને.'' કમલ હાસનની 'ઈન્ડિયન ટૂ'ના ટ્રેલરથી ચાહકો ભારે નિરાશ થયા છે. તેમને દિગ્દર્શક શંકર તથા કમલ હાસન માટે ભારે અપેક્ષાઓ હતી. પરંતુ, મોટાભાગના ચાહકો હવે આ ટ્રેલર માટે નેગેટિવ રિવ્યૂ આપી રહ્યા છે. કેટલાય લોકોએ કહ્યું છે કે મૂળ 'ઈન્ડિયન' ફિલ્મની ઠઠ્ઠા ઉડાડતું હોય તેવું નિરાશાજનક ટ્રેલર છે. ઘણા યુઝર્સોએ તો પાત્રોના મેકઅપને જ વખોડી કાઢ્યો છે. તેમને આશ્ચર્ય થયું છે કે, કમલ હાસન અને શંકર કઈ રીતે આ લૂકથી સંતુષ્ટ છે?



# બોબી દેઓલે એકનાથ શિંદે સાથે 'ધરમવીર ૨'નું પોસ્ટર જાહેર કર્યું




બોબી દેઓલે તાજેતરમાં જ 'ધરમવીર ૨' ફિલ્મનું પોસ્ટર રિલીઝ કર્યું છે. આ પ્રસંગે તેની સાથે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે અને ફિલ્મના અન્ય કલાકારો પણ હાજર રહ્યા હતા. આ ફિલ્મ શિવસેનાના ભૂતપૂર્વ નેતા આનંદ દિઘેના જીવન અને તેમની પરંપરા પર ઊંડાણપૂર્વક બનાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં ફિલ્મમાં આનંદ દિઘેનો રોલ કરનાર પ્રસાદ ઓક અને ફિલ્મના ડિરેક્ટર પ્રવીણ તારડે પણ હાજર રહ્યા હતા. આ કલાકારોના અભિનયના ફિલ્મના પ્રથમ ભાગમાં ઘણાં વખાણ થયા હતા. આ અંગે બોબી દેઓલે ઉત્સાહપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું,''આ ઉજવણીનો ભાગ બનવું એ મારા માટે ગૌરવની વાત છે. ફિલ્મના પહેલા ભાગમાં બધાનું પ્રદર્શન બહુ જ સારું હતું અને હું એકનાથ શિંદેને પણ તેમની સરકારના ૨ વર્ષ પૂરા કરવા પર અભિનંદન પાઠવું છું.'' જ્યારે શિંદેએ કહ્યું હતું,''આનંદ દિઘે માત્ર શિવસેનાના નેતા નહીં પણ મારા ગુરુ હતા. તેમનું જીવન અને તેમનું પ્રદાનિ આજે પણ અમને પ્રેરિત કરે છે. તેમની પરંપરાના ફિલ્મ સ્વરૂપે રજૂ કરતાં હું ગૌરવ અનુભવું છું.'' ફિલ્મના પહેલા ભાગમાં આનંદ દિઘેના જીવનને આધારભૂત રીતે દર્શાવવા પર ફિલ્મના વખાણ પણ થયા હતા અને ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ સફળતા મળી હતી. હવે બીજા ભાગમાં તેમના જીવનને વધુ ઊંડાણપૂર્વક દર્શાવાયું છે. આ ફિલ્મ ૯ ઓગસ્ટે થિએટરમાં રિલીઝ થશે.

# અમદાવાદ જિલ્લામાં ફળપાકનું વાવેતર કરતા ખેડૂતોને સહાયરૂપ બની રહ્યું છે 'ગ્રો મોર ફ્રૂટ ક્રોપ (Grow More Fruit Crop)' કેમ્પેઇન

## જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ફળપાકના વાવેતર અને ઉત્પાદનમાં ૨૦%થી વધુ વધારો નોંધાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લામાં મુખ્યત્વે દાડમ, લીંબુ, સીતાફળ, બોર, જામફળ, આંબા જેવા ફળપાકનું વાવેતર જોવા મળે છે. આ ઉપરાંત, જિલ્લામાં નવીન અને આશાસ્પદ ફળપાકો જેવા કે કમલમ, અંજીર, ટીસ્યુ ખારેક, મોસંબી જેવા ફળપાકોમાં વાવેતર વિસ્તાર ઉત્તરોતર વધી રહ્યો છે. અમદાવાદ જિલ્લાના ખેડૂતોમાં ફળપાકોમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધ્યો છે. બાગાયત ક્ષેત્રે પ્રાકૃતિક કૃષિ સહિત અવનવા પ્રયોગો થકી જિલ્લાના ખેડૂતો સફળતા મેળવી રહ્યા છે. બાગાયત વિભાગ દ્વારા જિલ્લામાં ફળપાક વાવતેર અને ઉત્પાદન વધારવા તથા વધુ ને વધુ ખેડૂતોને ફળપાક અને બાગાયત ક્ષેત્રે પ્રાકૃતિક કૃષિ માટે પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે 'ગ્રો મોર ફ્રૂટ ક્રોપ' કેમ્પેઈન હાથ ધરવામાં આવ્યું છે. આ કેમ્પેઈન અંતર્ગત જિલ્લાના ખેડૂતોને વધુમાં વધુ ફળપાકોનું વાવેતર કરવા મારે આહવાન કરવામાં આવે છે, જેના થકી ખેડૂતો પોતાની આવકમાં વધારો કરી શકે છે તેમજ ફળપાક વાવેતર દ્વારા ગ્રીન કવર / ગ્રીનબેલ્ટમાં વધારો કરી પર્યાવરણની જાળવણીમાં સહભાગી બની શકે છે. આ કેમ્પેઈન અંતર્ગત ખેડૂતો બાગાયત ખાતા દ્વારા વિવિધ ફળપાક વાવેતર યોજનાઓ જેવી કે ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, આંબા-જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, પપૈયા, ટિસ્યુ કેળ અને ટીસ્યુ ખારેક જેવા ફળપાકોમાં સહાયનો લાભ લઈ શકે છે. પ્રાકૃતિક પદ્ધતિથી ફળપાક ઊગાડનારા ખેડૂતોને



વધારે પ્રોત્સાહન અને પ્રાધાન્ય આપવામાં આવે છે. 'Grow More Fruit Crop' કેમ્પેઈનની વધુ માહિતી માટે ખેડૂતો નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદનો ૦૭૯-૨૬૫૭૭૩૧૬ પર સંપર્ક કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાગાયત વિભાગના સક્રિય પ્રયાસો અને અનેકવિધ યોજનાઓ તથા પ્રાકૃતિક કૃષિ તરફ પ્રોત્સાહનના લીધે અમદાવાદ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ફળપ ાકના વાવેતરમાં ૨૩% અને ઉત્પાદનમાં ૨૦%નો વધારો થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૪૪૪૨ હેક્ટર વિસ્તારમાં ફળપાક વાવેતર થતું હતું, જેની સામે વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૪૩૨ હેક્ટર વિસ્તારમાં ફળપાક વાવેતર થઈ રહ્યું છે. એ જ રીતે, જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ માં ૬૩,૫૪૦ ટન ફળપાક ઉત્પાદન મેળવવામાં આવતું હતું, જે વર્ષ ૨૦૨૩ ૨૪ માં ૨૦%ના વધારા સાથે ૭૫,૨૧૧ ટન થયું છે. 'ગ્રો મોર ફ્રૂટ ક્રોપ (Grow More Fruit Crop)' કેમ્પેઈન આવનારા દિવસોમાં જિલ્લામાં ફળપાક વાવેતર અને ઉત્પાદનમાં અનેક ઘણો વધારો કરશે.

# અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળી હતી. સાથોસાથ આભા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પોર્ટલ અપ ડેશન બાબતે તથા કામગીરીની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટેની ચર્ચા કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, કલેક્ટરશ્રી દ્વારા પાણીની સુવિધા ઊભી કરવા માટે વિવિધ મંજૂરી આપવામાં આવેલી છે. જેના અનુસંધાનમાં મંજૂરી પ્રમાણે ક્યા એકમમાં શું કામગીરી થઈ છે. તે બાબતે કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અવગત કરાવવામાં આવ્યા હતા. કામગીરીની સમીક્ષા ઉપરાંત નવા કામોની મંજૂરી તથા 'રિજૂવેનેશન' કાર્યક્રમ હેઠળ કામોની મંજૂરીની ચર્ચા તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રગતિ હેઠળના કામોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ડુંગરી પ્રાથમિક શાળાએ પર્યાવરણ અંતર્ગત વન કવચ નિર્માણની મુલાકાત લીધી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

આજ રોજ તારીખ-૦૨/૦૭/૨૦૨૪ ઝાલોદ તાલુકાની ડુંગરી પ્રાથમિક શાળા એ ડુંગરી ગામે આવેલ વન કવચ નિર્માણ અંતર્ગત મિયાંવાકી પ્રોજેક્ટની મુલાકાત લીધી. ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓએ ૧ ૨ ૨ જાતના વૃક્ષોની સમજ મેળવી. મા કે નામ એક-એક વૃક્ષ દરેક વિદ્યાર્થીઓએ રોપી આનંદીત થયા.સાથે સામાજિક વર્ગીકરણ વિભાગના આર.એફ.ઓ.જે.પી.રાઠવા વન રક્ષક કે.એમ.ભેદી મુકેશ મકવાણાએ વિદ્યાર્થીઓને પ ર્યાવરણ અંતર્ગત વૃક્ષોનું મહત્વની સમજ આપી. આ મુલાકાતમાં શાળાના સ્ટાફમાંથી ચેતનાબેન ડામોર મયુરભાઈ ચૌહાણ આચાર્યશ્રી ભારતીબેન. એસ. પરમાર જોડાયા હતા.

# અમદાવાદ જિલ્લામાં છેલ્લા ૪ વર્ષમાં ૧.૨૮ લાખ ખેડૂતોને અપાઈ પ્રાકૃતિક કૃષિની તાલીમ



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાતના ખેડૂતો ઝેરી રસાયણ મુકત એવી પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરીને સમૃદ્ધ બને સાથે રાજયની ધરતી વધુ ફળદ્રુપ અને 'સુફલામ' બને તે માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અભિયાન ઉપાડયું છે. રાજયમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કેળવે તેના ફાયદાથી માહિતગાર થઈને તેનો લાભ ઉઠાવે અને ઝીરો બજેટ ખેતી કરતા થાય તે માટે જિલ્લે-જિલ્લે અને તાલુકે-તાલુકે સઘન તાલીમ આપવામાં આવે છે.

અમદાવાદ જિલ્લાની વાત કરીએ તો, છેલ્લા ચાર વર્ષમાં ૧.૨૮ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. અમદાવાદમાં આત્મા (એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતો તાલીમ આપવાનું આયોજન કરવામાં આવે છે.

આત્મા-અમદાવાદના પ્રોજેકટ ડાયરેકટર કે. કે.પટેલના જણાવ્યા પ્રમાણે, અમદાવાદ જિલ્લામાં છેલ્લાં ચાર વર્ષમાં કુલ મળીને ૧,૨૮,૧૧૪ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૯,૧૯૪ ખેડૂતો, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૬,૨૧૪ ખેડૂતો, વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૫,૪૮૯, જયારે ચાલુ વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ૭૨૧૭ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અપાઈ છે.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં વૃદ્ધને લૂંટનાર બંને ઈસમોને દાહોદ એલ.સી.બી એ ઝડપી મુદ્દામાલ સાથે ઝડપી પાડયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ તાલુકાના લીમડી મુકામે રહેતા ૭૨ વર્ષના મોતીભાઈ માળી ભેંસો ચરાવવા માટે દાહોદ રોડ પર ખુલ્લી જગ્યામાં ગયેલ હતા ત્યારે આસરે ૧૦ વાગે બે અજાણ્યા યુવકો જે ૩૦ થી ૩૫ વર્ષના હસે તેઓએ તેમને ધાકધમકી આપી મોતીભાઈએ પહેરેલ સોનાચાંદીની રકમ આસરે ૬૨૫૦૦ની લુંટ કરી ચાલ્યા ગયેલ હતા.

આ બાબતે દાહોદ એલ.સી.બી પો.ઈ એસ.એમ.ગામેતી, એમ.એલ.ડામોર તેમજ ડી.આર.બારૈયા દ્વારા સી.સી.ટીવીના ફુટેજ ચેક કરતા બે શંકાસ્પદ યુવક બુલેટ લઈ જતા જોવા મળેલ હતા, ત્યારબાદ શંકાસ્પદ ગાડીનો નંબર GJ-17-BK-1721 જોતા આ ગાડી દાહોદ ગોદી રોડ પર રહેતા યુવકની હતી પરંતુ તે યુવકે આ ગાડી મૂકેશ રમણલાલ ભાભોર (પાવડી, મુવાડી ફળીયા, ઝાલોદ) ને વેચેલ હોવાનું જાણવેલ હતુ. દાહોદ એલ.સી.બી પોલીસ દ્વારા પાવડી મુકામે જઈ તપાસ કરતા ત્યાં સી.સી.ટી.વી મા જોડાયેલ શંકાસ્પદ બુલેટ ગાડી અને બે ઈસમો ત્યાં જોવા મળેલ હતા. બન્ને યુવકોની પૂછપરછ કરતાં એકનું નામ મૂકેશ રમણ ભાભોર (પાવટી, ઝાલોદ)



તેમજ બીજા યુવકનું નામ મહેશ મથુર ગરાસિયા (પેથાપુર, ઝાલોદ) જણાવેલ હતું. એલ.સી.બી પોલીસ દ્વારા ઘરની તપાસ કરાતા લીમડી મુકામે થી વૃદ્ધને લૂંટીને ગયેલ તમામ સોનાચાંદીની રકમ મળી આવી હતી. ઉપરોક્ત ઈસમો પાસેથી સોનાચાંદીની રકમ અને લૂંટમાં વપરાયેલી બુલેટ સાથે કુલ ૨૬૫૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે આમ દાહોદ એલ.સી.બી પોલીસને ગણતરીના દિવસોમા લુંટનો મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

# અમદાવાદ મંડળથી ચાલતી/પસાર થતી ચાર જોડી ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવશે

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ મંડળ માંથી ચાલતી/પસાર થતી ચાર જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે વધારાના કોચ ઉમેરશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૨૦૯૫૪/૨૦૯૫૩ અમદાવાદ-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનમાં ૦૬ જુલાઈથી ૨૭ જુલાઈ ૨૦૨૪ સુધી અમદાવાદથી અને ૦૫ જુલાઈથી ૨૬ જુલાઈ ૨૦૨૪ સુધી એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલથી એક સામાન્ય શ્રેણી નો વધારાનો કોચ ઉમેરવામાં આવશે. ૨. ટ્રેન નંબર ૨૨૯૧૫/૨૨૯૧૬ બાંદ્રા ટર્મિનસ-હિસાર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનમાં તાત્કાલિક અસરથી ૨૯ જુલાઈ ૨૦૨૪ સુધી બાંદ્રા ટર્મિનસથી અને ૦૨ જુલાઈથી ૩૦ જુલાઈ ૨૦૨૪ સુધી હિસાર થી એક સામાન્ય શ્રેણીનો વધારાનો કોચ ઉમેરવામાં આવશે. ૩. ટ્રેન નંબર ૨૨૯૫૮/૨૨૯૫૭ વેરાવળ-ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ટ્રેનમાં તાત્કાલિક અસરથી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી વેરાવળથી અને ૦૭ જુલાઈ ૨૦૨૪થી ૦૬ ઓગસ્ટ ૨૦૨૪ સુધી ગાંધીનગરથી એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. ૪. ટ્રેન નંબર ૧૯૨૨૩/૧૯૨૨૪ ગાંધીનગર કેપિટલ-જમ્મુતાવી-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેનમાં ૨ જુલાઈથી ૦૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી ગાંધીનગરથી અને ૦૬ જુલાઈથી ૦૫ ઓગસ્ટ ૨૦૨૪ સુધી જમ્મુતાવીથી એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# રેશનકાર્ડ ધારકો ઘરેબેઠા ઓનલાઈન e-KYC કરી શકશે

। અમદાવાદ, તા.૨ ।

ભારત સરકાર ધ્વારા 100% e-KYCની કામગીરીને લક્ષમાં રાખીને સદર કામગીરી ઝડપી થાય તે માટે "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળ નોંધાયેલા તમામ લાભાર્થીઓ ઘરબેઠા e-KYC કરી શકે તે માટે "Face authentication" આધારીત e-KYC ની સુવિધા માટે "MY Ration App" તૈયાર કરવામાં આવેલ છે. જેને Google Play store પરથી ડાઉનલોડ કરી રેશનકાર્ડની જરૂરી વિગતો નાખી OTP જનરેટ કરવાનું હોય છે. જે સભ્યનું e-KYC ની કરવાનું હોય તેની પસંદગી કરીને હાવભાવ સાથે ચહેરો કેપ્ચર કરવાથી સ્કીન પર આધારકાર્ડની જરૂરી વિગતો દેખાશે. ત્યારબાદ "મંજુરી માટેની વિગતો મોકલો" ઓપ્શન પર કલીક કરવાથી સદર અરજી સબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે. ત્યારબાદ સદર અરજી મંજુર/ નામંજુર કરવાની કામગીરી સબંધિત મામલતદાર કચેરી ધ્વારા હાથ ધરવામાં આવશે. ઉપરોકત MY RATION APP દ્વારા કરવામાં આવતી તમામ કામગીરી વિનામુલ્યે થાય છે. જેના માટે કોઈપણ ચાર્જ ચુકવવાનો રહેતો નથી.

# નવા સંકલ્પો અને લાયન્સ અનસ્ટોપેબલના સૂત્ર સાથે લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ના નવા વર્ષનો પ્રારંભ થયો

। અમદાવાદ, તા.૨ ।

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ એ વિશ્વની સૌથી મોટી સેવાકીય ક્લબ સંસ્થા છે. લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ પાસે ૨૦૬ થી વધુ દેશો અને ભૌગોલિક વિસ્તારોમાં ૪૫,૦૦૦થી વધુ ક્લબમાં ૧.૩૫ મિલિયન સભ્યો છે.અમદાવાદમાં લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના નવા વર્ષનો પ્રારંભ શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરી કરવામાં આવી હતી..નવા સભ્યોએ હર્ષો ઉલ્લાસ સાથે ભગવાન સત્યનારાયણની કથામા ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ ક્લબના અમદાવાદ ડીસ્ટ્રીકના ડિરેક્ટર દક્ષેશ સોનીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે,લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ની આ વર્ષ ની થીમ છે લાયન્સ અનસ્ટોપેબલ. જે રીતે છેલ્લા ૧૦૬ વર્ષથી લાયન્સ ગ્રુપ અવિરત રીતે સેવાકીય કાર્ય કરતુ આવ્યું છે એવી જ રીતે આ વર્ષમાં લાયન દ્વારા ગૌસેવા, પર્યાવરણ લક્ષી અને બીજા અનેક કાર્યક્રમો કરવામાં આવશે.

# અર્ચના વિદ્યા નિકેતન શાળામાં ડોકટર ડેની ઉજવણી



। સુરત, તા.૨ ।

વરાછા કમલપાર્ક સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળામાં બાલભવન વિભાગમાં ડૉકટર ડે ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં નાના-નાના ભૂલકાઓ વિવિધ વ્યવસાયકારો જેવા કે ડૉકટર, પોલીસ, વકીલ, સૈનિક, લુહાર, સુથાર, મોચી, બાબર, કુંભાર, કડીઓ, વેપારી વગેરે આપણા વ્યવસાયક આરોના પહેરવેશમાં આવી એ વ્યવસાયકરોના કાર્યો, ઓજારો એમની સમાજમાં જરૂરિયાત વિશે માહિતી બાળ કલાકારોએ સુંદર રજૂઆત કરી. વિવિધ વ્યવસાયકારોના પાત્રનો સુંદર અભિનય પણ શાળાના બાળ કલાકારો અને શિક્ષિકા બહેનો દ્વારા કરવામાં આવ્યો હતો. આચાર્યશ્રીના માર્ગદર્શન મુજબ બાલભવનના તમામ શિક્ષિકા બહેનો દ્વારા કાર્યક્રમને ખૂબ સારી રીતે જ્ઞાન સાથે ગમ્મતના અભિગમને ધ્યાનમાં રાખી અને આ પ્રવૃત્તિનું સુંદર આયોજન અને વ્યવસ્થાપન કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થઈ શકે છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો ગુસ્સો તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પ સ્તાવો તમને પછીથી થાય. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારે અમુક મુદ્દાઓમાં તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**સિંહ (મ,ટ) :**

આજે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી કોઈ ખોટી આદતથી મુક્ત થવા માટે ખૂબ જ શુકનવંતો દિવસ છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**તુલા (ર,ત) :**

આજે કદાચ ભૂતકાળનો કોઈ ખોટો નિર્ણય હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો। તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારે પોઝિટિવ વિચારવાની વધુ જરૂર છે, જે તમને માનસિક શાંતિ આપવામાં મદદરૂપ થશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે। તમે ક્યારેય ન ગયા હો એવા સ્થળે જો તમને આમંત્રિત કરાયા હોય તો-આમંત્રણનો ગરિમાપૂર્વક સ્વીકાર કરો. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે ખાસ કરીને સ્વાસ્થ્યને દરકાર કરવાની જરૂર છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે. પણ તકેદારી રાખજો કેમ કે ઉતાવળે લીધેલો કોઈપણ નિર્ણય તમને દબાણ હેઠળ લાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખાસ કરીને કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

### રેલવે મુસાફરો અને કર્મચારીઓને શુદ્ધ પાણી મળશે

# અમદાવાદ મંડળમાં ચાર સ્થળોએ એટમોસ્ફેરિક વોટર જનરેટર લગાવવામાં આવ્યા








। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવે એ મુસાફરો અને રેલવે કર્મચારીઓની સુવિધા ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, અમદાવાદ મંડળના ચાર મુખ્ય સ્થળોએ એટમોસ્ફેરિક વોટર જનરેટર (Atmospheric water generators) સ્થાપિત કર્યા છે. દરેક વાતાવરણીય વોટર જનરેટરની ક્ષમતા દરરોજ ૧૦૦ લીટર છે, આ એટમોસ્ફેરિક વોટર જનરેટરની મદદથી કર્મચારીઓ માટે દરરોજ સ્વચ્છ પીવાલાયક પાણી તૈયાર કરવામાં આવશે. એટમોસ્ફેરિક વોટર જનરેટર (AWG) એરોવોટર એ ભેજ અને તાપમાન સંચાલિત મશીન છે જે એક પ્રક્રિયાનો ઉપયોગ કરીને હવામાંથી પાણી બનાવે છે.

મશીનો બે હેતુઓ પૂરા પાડે છેઃ પાણી બનાવવાની સાથે સાથે બહારની હવાને કન્ડીશનીંગ કરવી જેનાથી આ આજે ઉપલબ્ધ સૌથી અનોખા ઉર્જા કાર્યક્ષમ વોટર જનરેટર બની જાય છે. રેલવે કર્મચારીઓ અને મુસાફરો પરંપરાગત પાણીના સ્ત્રોતો પર આધાર રાખ્યા વિના, સ્વચ્છ પીવાના પાણીનો સતત પુરવઠો પૂરો પાડવા માટે વારંવાર AWGની પ્રશંસા કરે છે. આ એટમોસ્ફેરિક વોટર જનરેટર પ્રતિદિન પ્રતિ યુનિટ ૧૦૦ લિટર સ્વચ્છ પીવાના પાણી નું ઉત્પાદન કરવા સક્ષમ છે. જેને અમદાવાદ મંડળ પર સાબરમતી સ્ટેશન, ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો સાબરમતી,ગાંધીધામ અને મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદ ખાતે સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ સ્થાનો પર રેલ્વે સ્ટાફ અને મુસાફરોની દૈનિક પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે એટમોસ્ફેરિક વોટર જનરેટર સક્ષમ છે. એટમોસ્ફેરિક વોટર જનરેટર ની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

૧. વિશ્વસનીયતાઃ ગાંધીધામ સ્ટેશન પરના મુસાફરો દ્વારા એટમોસ્ફેરિક વોટર જનરેટર દ્વારા ઉત્પન્ન કરાયેલ સ્વચ્છ પાણીની પ્રશંસા કરવામાં આવી છે કે ગાંધીધામ જેવા દૂરસ્થ અથવા પડકારજનક વાતાવરણમાં પણ પીવાનું શુદ્ધ પાણી પૂરું પડી શકે છે, જ્યાં સ્વચ્છ પાણીની પહોંચ મર્યાદિત છે.

૨. પાણીની ગુણવત્તાઃ રેલ્વે કર્મચારીઓ અને મુસાફરો એટમોસ્ફેરિક વોટર જનરેટર દ્વારા ઉત્પાદિત પાણીની શુદ્ધતા અને સ્વાદનો ઉલ્લેખ કરે છે તથા તેની તાજગી અને સ્વચ્છતા માટે પ્રશંસા કરે છે.

૩. ટકાઉપણુંઃ બધા વપરાશકર્તાઓ એટમોસ્ફેરિક વોટર જનરેટર ના પર્યાવરણને અનુકૂળ પાસાને મહત્ત્વ આપે છે કારણ કે તેઓ બોટલના પાણી પર નિર્ભરતા ઘટાડે છે અને પ્લાસ્ટિકનો કચરો ઘટાડે છે.

૪. સગવડતાઃ એટમોસ્ફેરિક વોટર જનરેટર ના ઉપયોગમાં સરળતા અને ઓછી જાળવણીની જરૂરિયાતો માટે પ્રશંસા કરવામાં આવી છે જે તેમને રેલવે સ્ટેશનોમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા માટે એક વ્યવહારુ વિકલ્પ બનાવે છે.

૫. સ્વાસ્થ્ય લાભોઃ કર્મચારીઓ એટમોસ્ફેરિક વોટર જનરેટર દ્વારા ઉત્પાદિત પાણીની સલામતી અને આરોગ્ય વિશે વધુ આત્મવિશ્વાસ ધરાવે છે જેણે વપરાશકર્તાઓમાં વધુ સારા સ્વાસ્થ્યમાં યોગદાન મળ્યું છે.

આ ચાર સ્થળોએથી સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયા જે દર્શાવે છે કે ટકાઉ રીતે વિશ્વસનીય, સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવામાં એટમોસ્ફેરિક વોટર જનરેટર મહત્વની ભૂમિકા ભજવે છે. આનાથી મુસાફરો અને રેલવે કર્મચારીઓમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ વધશે.

## ન્યુઝ બોક્ષ

### ડાકોરમાં વોર્ડ નંબર ૬ ને ૭ માં છેલ્લા ત્રણ દિવસથી પાણી બંધ

। (એજન્સી) ડાકોર, તા.૨ ।

ડાકોર નગરપાલિકાના વોર્ડ નં.૬ અને ૭માં છેલ્લાં ત્રણ દિવસથી પાણીનું વિતરણ ના કરતા ૮૦૦ ઘરોના રહિશોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. શેઢીબોરની લાઈન બળી ગઈ હોવાથી પાણીનું વિતરણ બંધ હોવાનો પાલિકા દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ડાકોરમાં ઘણાં સમયથી સમસ્યાઓએ ઘર કરી લીધું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પાલિકાના વોર્ નં.૬ અને ૭માં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો સપ્લાય આવતો ના હોવાથી ૮૦૦ ઘરોના રહિશોને પીવાના પાણી માટે રઝળપાટ કરવી પડી રહી છે. ઘર વપરાશનું પાણી પણ ના હોવાથી મુશ્કેલી વેઠવી પડી રહી છે. દર વર્ષે રૂ.૬૦૦નો આરઓ પાણીનો ટેક્સ લેતી નગરપાલિકામાં એક વર્ષમાં ૫૦થી ૬૦ દિવસ પાણી વગર રહેવું પડતું હોવાના આક્ષેપ સ્થાનિકોએ લગાવ્યાં હતાં. તેમજ સત્વરે પાણી પુરું પાડવા માંગ ઉઠી છે.

### ધોધમાર વરસાદના પગલે ભાદર - ૨ ડેમ છલકાયો

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. અનરાધાર વરસાદને કારણે પોરબંદરના ઘેડ પંથકના ૧૯ ગામો હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ધોરાજી નજીક આવેલો ભાદર ૨ ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતા, તેનું પાણી ઘેડ પંથકમાં આવે છે. જેના પગલે તંત્ર દ્વારા ગ્રામજનોને એલર્ટ કરવામાં આવ્યા છે. મોરબી જિલ્લામાં પણ મેઘરાજાએ જોરદાર બેટિંગ કરી છે. ભારે વરસદાને પગલે મચ્છુ ૩ ડેમનો એક દરવાજો વધુ એક ફૂટ ખોલાયો છે. અત્યાર સુધીમાં કુલ બે ફૂટ દરવાજો ખોલીને ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલમાં મચ્છુ ડેમમાં ૧૨૫૫ ક્યુસેક પાણીની આવક સામે ૧૬૭૪ ક્યુસેક પાણીની જાવક છે. જેથી મોરબી અને માળીયા મિયાણા તાલુકાના ૨૧ ગામોને એલર્ટ કરાયા છે. વહેલી સવારથી જ અમરેલીના રાજુલા, જાફરાબાદ, ખાંભામાં પવન સાથે ધોધમાર વરસાદ શરુ થયો છે.

### આણંદના બોરસદમાં ચૂંટણી તંત્રની ઘોર બેદરકારી

। (એજન્સી) બોરસદ, તા.૨ ।

આણંદના બોરસદમાં ચૂંટણી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના જૂના શાક માર્કેટ પાછળ કચરાના ઢગમાં EVM યુનિટ મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ આ EVM વર્ષ ૨૦૧૮ની ગ્રામ પંચાયત પેટા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયા હતા. ત્યારે તેના ઉપયોગ બાદ હવે આ EVMના બે બેલેટ યુનિટ કચરામાં પડેલા જોવા મળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. બોરસદ ગામે ચૂંટણી તંત્રને ઘોર બેદરકારી સામે આવી રહી છે. ૨૦૧૮ની ગ્રામપંચાયત પેટા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ EVM મશીન હાલ કચરામાં પડેલા જોવા મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અમિયાદ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આ EVMનો ઉપયોગ થયો હતો. ત્યારે હવે EVMના બે બેલેટ યુનિટ કચરામાંથી મળતાં સવાલો ઉઠી રહ્યા છે કે આ EVMને અહીં કોણ કચરામાં નાખીને ગયું.

### રાહુલ ગાંધીના નિવેદન પર અમદાવાદમાં થયો વિરોધ

# કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ તો પોસ્ટર પર કાળી શાહી લગાવાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૧ લી જુલાઈના રોજ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન હિંદુ પર આપેલા નિવેદનનો વિરોધ થઈ રહ્યો છે. દિલ્હીમાં ભાજપના અનેક નેતાઓએ તેમના નિવેદનની નિંદા કરી હતી અને રાહુલ ગાંધીની માફી માંગવાની માંગ કરી હતી. ત્યારે ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલયમાં ૨૦થી ૨૫ લોકોના ટોળાએ તોડફોડ કરી હતી. આ સાથે ટોળા દ્વારા રાહુલ ગાંધીના પોસ્ટર પર કાળી શાહી લગાવી હતી. મળતી માહિતી અનુસાર, અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન પર મોડી રાત્રે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો રોષ સાથે પહોંચી વિરોધ કર્યો હતો. કોંગ્રેસ કાર્યાલયને તાળાબંધી કરી હતી. તેમજ વહેલી સવારે વી.એસ. હોસ્પિટલ પાસે આવેલા GPCC ખાતે વિરોધ કરવા માટે સ્પ્રે અને પોસ્ટર સાથે લોકો પહોંચ્યા હતા.



લોકસભામાં રાહુલ ગાંધીએ હિન્દુ પર આપેલા નિવેદનનો વિરોધ મુદ્દે પાલડી સ્થિતિ કોંગ્રેસ કાર્યલાય ખાતે તોડફોડ કરવામાં આવી છે. આ મુદ્દે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ 'X' પર પોસ્ટ કરીને માહિતી આપી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે કે, ‘બજરંગ દળ દ્વારા કોંગ્રેસની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો છે. હું કોંગ્રેસ ઓફિસે હું પહોંચુું છું અને આ કહેવાતા નકલી હિંદુઓને ચેલેન્જ આપું છું કે રાતના અંધારામાં આ પ્રકારના કાયરતા પૂર્ણ હુમલા કરો છો આવો હું કોંગ્રેસ ઓફિસ પર ઉપલબ્ધ છું.’ નોંધનીય છે કે, કોંગ્રેસ કાર્યાલય પર થયેલા હુમલામાં થયેલ નુકશાન અંગે કોંગ્રેસ દ્વારા હજી કોઈ અધિકૃત માહિતી આપવામાં આવી નથી.સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભા અને રાજ્યસભા બંને સદનોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. આ દરિયાન રાહુલ ગાંધીએ ચર્ચાની શરૂઆત કરી અને બંધારણના બહાને મોદી સરકાર પર ચાબખા મારવાનું શરૂ કર્યુ. તેમણે પોતાના ભાષણની શરૂઆત બંધારણની કોપી હાથમાં લઈને કરી. આ દરમિયાન રાહુલ ગાંધીએ એક એવું નિવેદન આપ્યું જેથી હંગામો મચી ગયો. તેમણે કહ્યું કે, મોદીજીએ પોતાના ભાષણમાં એક દિવસ કહ્યું કે હિંદુસ્તાને ક્યારેય કોઈના પર હુમલો કર્યો નથી. તેનું કારણ છે, હિંદુસ્તાન અહિંસાનો દેશ છે, આ ડરતો નથી.

# TRP ગેમ ઝોન ભાજપના શાસકોના ભ્રષ્ટાચારના પાપે થયેલો હત્યાકાંડ કોગ્રેસનો આરોપ

### ૧૦ વર્ષ સુધી સાગઠીયા પર ભાજપના શાસકો હાથ રહ્યો, તેમની સામે કાર્યવાહી થવી જોઇએ

। રાજકોટ, તા.૨ ।




રાજકોટમાં બનેલી ગોઝારી ટીઆરપી ગેમઝોનની દુર્ઘટનામાં સત્તાવાર રીતે ૨૭ લોકો જીવતા ભડથું થઈ જતાં હતભાગીઓની મરણચિસોથી આખુ રાજકોટ ધ્રુજી ઉઠ્યું હતું. જે કેસમાં TPO મનસુખ સાગઠીયાને પકડવામાં આવ્યો છે તેની પૂછપરછમાં એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. પૂર્વ TPO અધિકારી મનસુખ સાગઠીયાના બેનામી સંપતીનો વધુ એક પિટારો ખુલ્યો છે જેને લઈને કોંગ્રેસે ભાજપ પર પ્રહાર કર્યા છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ સાગઠીયા અને ગુજરાતમાં ચાલતા ભ્રષ્ટાચારને લઈ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

TRP ગેમ ઝોન રાજકોટ અગ્નિકાંડ મામલે TPO અધિકારી સાગઠીયાના નામે કોંગ્રેસે ભાજપના નેતાઓને આડે હાથ લીધા છે. કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશી દ્વારા ભાજપ પર આરોપ લગાવામાં આવ્યો છે કે અગ્નિકાંડ ભાજપના શાસકોના ભ્રષ્ટાચારના પાપે ઊભો થયેલો હત્યાકાંડ છે. ૧૦ વર્ષ સુધી સાગઠીયા પર ભાજપના શાસકોનો હાથ રહ્યો છે. દરેક એક વિભાગમાં આવા સાગઠીયા ભારતીય જનતા પાર્ટીએ ઊભા કર્યા છે. ૧૦ વર્ષ સુધી સાગઠીયાને બચાવનાર ભાજપના નેતાઓ કોણ છે? તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. જે કામમાં ટકાવારી નક્કી થાય તો એ ટકાવારી લેનાર ભાજપના નેતાઓ કોણ? સેવા સદન કે જે ભાજપ માટે મેવા સદન છે એમાં ઘણા સાગઠીયા છે. તમામ વિભાગોમાં આવા સાગઠીયાઓ પર સકંજો કસી ગુજરાત અને ગુજરાતીઓને ભ્રષ્ટાચારમાંથી મુક્તિ મળવી જોઈએ. હવે કોઈ નવું કાંડ ન થાય તે માટે દરેક વિભાગોમાં આવા સાગઠીયાઓ છે તેમના પર કાર્યવાહી થવી જોઈએ.

### નવોનક્કોર રસ્તો બંને બાજુ ધસી પડ્યો

# ન્યૂ ચાંદખેડા વિસ્તારમાં રસ્તા બનાવવામાં બેફામ ભ્રષ્ટાચાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગાંધીનગર મહા નગરપાલિકાના ઝુંડાલના વોર્ડ નંબર ૧૧માં પ્રિ મોન્સૂન કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોય તેના ઉત્તમ ઉદાહરણ ઠેરઠેર જોવા મળતા મોટા ભૂવા અને તૂટી ગયેલા રસ્તા છે. તંત્રની બેદરકારી અને કોન્ટ્રાક્ટરની નબળી કામગીરીના લીધે સમગ્ર વિસ્તારના લોકો મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. આ વિસ્તારમાં ૧૦૦થી પણ વધુ સોસાયટી આવેલી છે, જેથી હજારો લોકોને તૂટેલા રસ્તાના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા જ વરસાદમાં તંત્રની પોલ ખૂલી ગઈ છે, પરંતુ તેમના પેટનું પાણી પણ હલતું નતી. ચાંદખેડામાં ગાંઠિયા રથથી ત્રાગડ સુધીનો રસ્તો બનાવવાની કામગીરી ગોકળગતિએ ચાલી રહી હતી. આમને આમ છ મહિનાથી પણ વધુનો સમય વીતી ગયો. આમ છ મહિના સુધી પારાવાર મુશ્કેલીનો સામનો કર્યા પછી સ્થાનિકોને સારો રસ્તો મળ્યાનો આનંદ થયો હતો. જો કે એક મહિના પહેલા પૂરા થયેલા આ રસ્તા પર તો આખી કાર સમાઈ જાય એટલા મોટા ગાબડાં જોઈને રહીશોની આશા પર પાણી ફરી વળ્યું છે. માત્ર દોઢેક કિલોમીટરના રસ્તામાં પણ દર ૧૦૦ મીટરે આ રસ્તો બંને બાજુ ધસી પડ્યો છે. ઠેર ઠેર ગાબડાં જોવા મળી રહ્યા છે અને છતાં સ્થાનિક તંત્ર ઘોર નિદ્રામાં છે. આ રસ્તા પર બે મોટી સ્કૂલ અને છ જેટલી પ્રિ સ્કૂલો પણ આવેલી છે. અહીં આસપાસના વિસ્તારોમાં આવેલી સ્કૂલોની બસની અવરજવર પણ રહે છે. જેના લીધે ભગવાન ન કરે અને કોઈ મોટો અકસ્માત ન સર્જાય તે માટે સ્થાનિકો પ્રાર્થના કરી રહ્યા છે. તો બીજી તરફ, સ્થાનિકો દ્વારા સતત ફરિયાદ કરાતા તંત્ર રસ્તા પર પડેલા ખાડામાં માટી પૂરાવીને સંતોષ માની લે છે. સ્થાનિકોનો આરોપ છે કે, તંત્રના જ કેટલાક અધિકારીઓ કોન્ટ્રાક્ટર દ્વારા કરાયેલા ભ્રષ્ટાચારને છુપાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ગાંધીનગર મહા નગરપાલિકા (જીએમસી) વિસ્તારમાં આવેલા ન્યૂ ચાંદખેડામાં કોઈ મોટો અકસ્માત સર્જાય તેની તંત્ર દ્વારા રાહ જોવાઈ રહી હોય એવું લાગી રહ્યું છે.

### ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સોમવારે દિલ્હીમાં હતા

# ગુજરાતમાં નવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહીં

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતમાં નવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહીં. કારણ કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ૨૨ જુલાઈએ પાંચ વર્ષ પૂર્ણ કરશે. તેમજ વડાપ્રધાન અને ગૃહમંત્રીને દિલ્હી જઈને મળ્યા છે. UPમાં આનંદીબહેન પાંચ વર્ષ પૂર્ણ થયા છે. તેથી ગુજરાતમાંથી એકાદને તક મળે તેવી શક્યતા છે. આચાર્ય દેવવ્રત ૪ વર્ષ હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ હતા. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સોમવારે દિલ્હીમાં હતા. જ્યાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી. આગામી ૨૨ જુલાઈએ ગુજરાતના રાજ્યપાલ તરીકે તેઓ પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આથી આગામી સમયમાં અહી ગુજરાતમાં નવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહી. દેશના અનેક રાજ્યોમાં રાજ્યપાલો જુલાઈમાં પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જેમાં ઉત્તરપ્રદેશના આનંદીબહેન પટેલનો પણ સમાવેશ થાય છે. તેઓ જાન્યુઆરી-૨૦૧૮થી મધ્યપ્રદેશ તે સાથે બાદમાં છત્તીસગઢના પણ રાજ્યપાલ રહી ચૂક્યા છે.ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંભવત એકાદ મહિનામાં વિવિધ રાજ્યોમાં રાજ્યપાલોની નિયુક્તિ થાય તો ગુજરાતમાંથી ભાજપના એકાદ નેતાને તક મળી શકે એમ છે. મધ્યપ્રદેશ ખાતે ગુજરાતના મંગુભાઈ પટેલ જુલાઈ-૨૦૨૧થી રાજ્યપાલ છે.આચાર્ય દેવવ્રત ૪ વર્ષ હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ હતા.

### દરેક સ્થળે ફાયર સેફટીનું ચેકિંગ

# માંડ માંડ સ્કૂલે જતા થયા અને એમાં પડી હડતાળ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

રાજકોટ અગ્નિકાંડને પગલે તંત્ર સાવધાન બનતા દરેક સ્થળે ફાયર સેફટીનું ચેકિંગ હાથ ધર્યું છે, તે અંતર્ગત શહેરના અનેક ગેમઝોન, જાહેરસ્થળો, થિયેટર, શાળા, ટ્યુશન ક્લાસીસનું ચેકિંગ હાથ ધરાયું અને ફાયર સેફટીના પૂરતા સાધનોનો અભાવ ધરાવતા એકમોને સીલ કરી દેવામાં આવ્યા. જેની હજી કાર્યવાહી ચાલુ છે. સીલ લાગેલા કેટલાક એકમોએ ફાયર સેફટીની પૂરતીને લગતી બધીજ પ્રકિયા સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તેમના સીલ ખોલી દેવામાં આવ્યા હતા. એવામાં હવે અમદાવાદમાં આવેલી ૩૦૦ પ્રિ-સ્કૂલોને બીયુ પરમિશન સહિતના મુદ્દે સીલ મારવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા મારવામાં આવેલ સીલની શાળા સંચાલકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. અને પ્રિ-સ્કૂલો સંચાલક એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારા વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા. જેની અસર નાના ભૂલકાંઓના શિક્ષણ પર પણ પડેલી દેખાઈ હતી. રાજ્યમાં ગરમીના પ્રકોપને પગલે આ વર્ષે શાળા મોડી શરૂ થઈ છે , અને એવામાં આજે બંધનું એલાન કરવામાં આવ્યું છે. એ કેટલી હદે યોગ્ય છે ? ભૂલકાંઓના શિક્ષણ પર અસર ન થાય એવા ઉદેશ્યથી અમદાવાદ પ્રિ-સ્કૂલો સંચાલક એસોસિયેશન દ્વારા આ બંધનો વિરોધ કરવામાં આવ્યો અને એમણે સ્કૂલ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. આ બંધને સમર્થન આપનારી કેટલીક પ્રિ સ્કૂલ સંચાલકોએ સ્કૂલ બંધ કરી અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે મૌન ધરણાના કાર્યક્રમનું આયોજન કર્યું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અમદાવાદની ૩૦૦ કરતા વધુ પ્રિ-સ્કૂલોને સીલ મારી દેવામાં આવતા પ્રિ-સ્કૂલ સંચાલકો બાળકોના શિક્ષણ પર અસર થઈ રહી હોવાનું જણાવી ફાયર સેફટીની ચકાસણી કરી પ્રિ-સ્કૂલોના સીલ ખોલવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. વિરોધનો ઉદ્દેશ્ય આગ સલામતીનાં પગલાં અને ચાલુ BU પેપરવર્કનું પાલન કરવા છતાં, અચાનક સીલ કરવાના આદેશોને કારણે પૂર્વ-શાળાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પ્રકાશિત કરવાનો છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨